Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. N. B. 431

श्रीमद्विजयानन्दसूरि सद्गुरुभ्यो नमः

श्री

# आत्मानन्द प्रकाश.

॥ स्रग्धरावृत्तम् ॥

अस्त्येतत्पुत्रपौत्रादिकमखिलमहो बन्धनायैव लोके,
द्रव्यं चातिप्रमाणं मदमलिनधियां केवलं दुःखदं स्यात् ।
नित्यं तच्चिन्तयित्वा मतिमलहतये प्राप्तये ज्ञानराशेर्,
आत्मानन्द प्रकाशं विदधतु हृदयेऽज्ञाननाशाय जैनाः ॥ १ ॥

पु. २२. | वीर सं. २४५१. ज्येष्ठ. आत्म सं. ३० | अंक ११ मो.

प्रकाशक—श्री जैन आत्मानन्द सभा—भावनगर

વિષયાનુક્રમણિકા.


| વિષય. | પૃષ્ટ. | વિષય. | પૃષ્ટ. |
|---|---|---|---|
| ૧ સૂરીશ્વર—જયન્તી ... ... | ૨૬૧ | ૫ જૈન ઐતિહાસિક સાહિત્ય. ... | ૨૬૬ |
| ૨ શ્રી વિજયવલ્લભસૂરિજીનું રચિત સિદ્ધચક્ર સ્તવન... ... ... | ૨૬૨ | ૬ વિશ્વરચના પ્રબંધ ... ... | ૨૭૧ |
| ૩ કોઇ પણ કાર્ય સિદ્ધિ માટે પાંચ કારણો. ... ... | ૨૬૩ | ૭ માનપત્રનો મેળાવડો અને આ સભાનો વાર્ષિક મહોત્સવ ... | ૨૭૮ |
| ૪ જૈન કોન્ફરન્સ વિજયી કેવી રીતે થઇ શકે ?... ... ... | ૨૬૫ | ૮ વર્તમાન સમાચાર ... ... | ૨૯૧ |
| | | ૯ ગ્રંથાવલોકન, ... ... | ૨૯૫ |


વાર્ષિક મૂલ્ય રૂ. ૧) ટપાલ ખર્ચ આના ૪.

આનંદ પ્રીન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું—ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી નવપદજીની પૂજા ( અર્થ, નોટ, મંડલ, યંત્ર, વિધિ વગેરે સહિત.)

આત્મોન્નતિ માટે શાસ્ત્રકાર મહારાજે વિવિધ માર્ગો નિર્માણ કરેલા છે. પરંતુ પ્રભુભક્તિમાં તલ્લીન થઇ ઇષ્ટસિદ્ધિ જલદી પ્રાપ્ત કરવા માટે, પૂર્વાચાર્ય પ્રણિત પૂજાઓ એક વિશિષ્ટ કારણ છે. જ્યારે જ્યારે જિનાલયમાં પૂજાપાઠકો સામસામા બેસી પૂજાની ધૂન તાલ, શૂર, વાજિંત્ર સાથે મચાવી રસપૂર્વક એકતાન થઇ ભાગ લઇ રહ્યા હોય ત્યારે એક અપૂર્વરમણીય દેખાવ થતાં શ્રોતાવર્ગ તે રસમાં તરબોલ થઈ જાય છે; તેટલુંજ નહીં પણ મનુષ્યોને શું પણ દેવતાઓને પણ તે આકર્ષક બને છે અને સમજદાર મનુષ્ય તો, તેમાં મુગ્ધ બને છે; જેથી તેની ભક્તિ કરનાર વર્ગ તેવા સંજોગમાં કર્મની નિર્જરા ચોકસ કરે છે. આ બધું થવા માટે એક તરફ સંગીત પદ્ધતિ પ્રમાણે તાલ, શુરમાં વાજિંત્રની સાથે મિલાવટ થાય તેમ પૂજા ભણાવવી, અને બીજી બાજુ પ્રભુભક્તિ માટે ભણાતી પૂજાના અર્થનું જ્ઞાન હોવું; એમ હોય ત્યારેજ એકલીનતા થતાં હેતુ–મોક્ષ સાધ્ય થાય છે. એવા હેતુથીજ **શ્રીમદ્ યશોવિજયજી મહારાજ કૃત નવપદજીની પૂજા, અમોએ** તેના **ભાવાર્થ, વિશેષાર્થ** અને **નોટ** સાથે તૈયાર કરી પ્રકટ કરેલ છે. સાથે **શ્રી નવપદજીનું મંડલ** તે તે પદોના વર્ણ–રંગ અને તેની સમજ સાથે, વિવિધ રંગ અને સાચી સોનેરી સાહીની વેલ વગેરેથી તથા **શ્રી નવપદજીનો યંત્ર** કે જે આયંબીલ–ઓળી કરનારને પૂજન કરવા માટે ઉપયોગી છે, તે બંને છબીઓ ઉંચા આર્ટપેપર ઉપર મોટો ખર્ચ કરી ઘણા સુંદર સુશોભિત અને મનહર બનાવી આ ગ્રંથમાં દાખલ કરવામાં આવેલ છે. આ સાથે શ્રી સિદ્ધચક્રજી મહારાજનું આરાધન કેમ થાય, તેની સંપૂર્ણ ક્રિયાવિધિ, ચૈત્યવંદન, સ્તવનો, સ્તુતિઓ અને સાથે શ્રીમાન્ **પદ્મવિજયજી મહારાજ અને શ્રીમાન્ આત્મારામજી મહારાજ કૃત નવપદજી પૂજાઓ** દાખલ કરેલ છે. ઉંચા એન્ટ્રીક પેપર ઉપર ગુજરાતી સુંદર જૂદા જૂદા ટાઇપોથી છપાવી ઉંચા કપડાના બાઇન્ડીંગથી અલંકૃત કરેલ છે. એટલે કે બાહ્ય અને અભ્યંતરથી તેની સૌંદર્યતા કરવામાં આવી છે. જેથી તે પ્રમાણે આરાધન કરનાર કે પૂજા ભણાવનાર ને આલ્હાદ ઉત્પન્ન થવા સાથે કર્મ નિર્જરા થતાં મોક્ષ સમીપ લાવી મૂકે છે. આ ગ્રંથનું નામજ જ્યાં પવિત્ર અને પ્રાતઃસ્મરણીય છે ત્યાં તેની ઉપયોગીતા અને આરાધના માટે તો કહેવુંજ શું ! **શ્રી નવપદજી આરાધનના જીજ્ઞાસુ અને ખપી માટે આ એક ઉત્તમ કૃતિ છે.** અને તેમાં **ગુરૂમહારાજ, નવપદજી મહારાજનું** મંડલ અને **યંત્ર** આ બુકમાં દાખલ કરેલ હોઇ આ ગ્રંથ વાંચનાર તેની અપૂર્વ રચના જણાયા સિવાય રહે તેવું નથી. આ માટે વધારે લખવા કરતાં તેનો ઉપયોગ કરવા નમ્ર સુચના કરીયે છીયે. **કિંમત રૂા. ૧–૪–૦ પોસ્ટેજ જુદું.**

સિવાય શ્રી નવપદજી મહારાજનું મંડલ કે જે ઉપર જણાવ્યા પ્રમાણે વિવિધ રંગો અને સોનેરી શાહીથી ઘણુંજ સુંદર ઉંચા આર્ટપેપર ઉપર છપાવેલ છે તે તથા શ્રી સિદ્ધચક્રજી મહારાજનો યંત્ર કે જે દર્શન, પૂજન માટે બંને ઘણી ઉપયોગી વસ્તુઓ હોવાથી આ બુકમાં દાખલ કરવા ઉપરાંત છુટી કોપીયો પણ તેના ખપી માટે વધારે તૈયાર કરાવી છે.

**શ્રી નવપદજીનો યંત્ર ચાર આના–શ્રી સિદ્ધચક્રજીનો યંત્ર બે આના**–પોસ્ટેજ જુદું, આ બંને પ્રાતઃકાળમાં ઉઠતાં દર્શન માટે ખાસ ઉપયોગી ચીજો છે માત્ર ઘણીજ થોડી નકલો છે જેથી જલદી મંગાવવી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# આત્માનન્દ પ્રકાશ.

॥ वंदे वीरम् ॥

॥ किं भंते ? जो गिलाणं पडियरइ से धण्णे उदाहु जे तुमं दंसणेणं पडिवज्जइ ? गोयमा ! जे गिलाणं पडियरइ । से केणट्ठेणं भंते ? एवं वुच्चई ? गोयमा ! जे गिलाणं पडियरइ से मं दंसणेणं पडिवज्जइ जे मं दंसणेणं पडिवज्जइ से गिलाणं पडियरइ त्ति । आणाकरणसारं खु अरहंताणं दंसणं, से तेण-ट्ठेणं गोयमा ! एवं वुच्चइ-जे गिलाणं पडियरइ से मं पडिवज्जइ, जे मं पडिवज्जइ से गिलाणं पडियरइ ॥

पुस्तक २२ ] वीर संवत् २४५१ ज्येष्ठ. आत्म संवत् ३०. [ अंक ११ मो.

॥ ॐ ॥

## सूरीश्वर–जयन्ती.

( १ )

**દોહરો**—પ્રતિબોધે નિજ રૂપને, 'આતમરામ' અમંદ;
જીવન પ્રભા પ્રસારવા, પૂણ્ય જયન્તિ સૂચંદ. ૧

**ઢાળ**— ( ષટ્ દરશન જિન અંગ ભણીજે—એ દેશી. )

શ્રી ગુરૂરાય જયન્તિ આજે, આનંદ મંગલકારીરે. શ્રી૦
**આતમરામ**—આનંદ સૂરિવર, ભારત ભૂષણ જાનોરે;
પારંગત ષટ્ દરશનના એ, જૈન વ્યોમ શશી માનોરે. શ્રી૦ ૧
તત્ત્વાતત્ત્વ વિવેક વિચારે, સ્વાગમ શ્રદ્ધા કીધીરે.
છોડી ઉન્ મારગ સહ જ્ઞાને, સમ્યગ્ શિક્ષા લીધીરે. શ્રી૦ ૨
શુક્ર શુકલ સપ્તમિ દિન સુંદર, સ્વર્ગ ગમન તિથિ જેનીરે
સમાલોચના શુદ્ધ જીવનની, ભકતે કરો ભવિ તેનીરે. શ્રી૦ ૩
વર્તમાન મર્યાદા ઉપર, પદ ત્રીજુ સોહાવ્યું રે;
આતમ સત્તાને પ્રકટવા, સંયમ સાધ્ય ઠરાવ્યું રે. શ્રી૦ ૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શિષ્ય વર્ગ સુશિક્ષિત જેનો, પાલક આજ્ઞા પ્રેમેરે;
કમલ-કાન્તિ-વલ્લભ-હંસાદિ, હર્ષિત આતમ નામેરે. શ્રી૦ ૫
" આતમાનંદ સમાજ " આનંદે, ભાવે ભાવપુરીમાંરે;
ગુરૂ જયન્તિ મહોત્સવ કીધો, વિકસે રોમ અસીમાંરે. શ્રી૦ ૬

વેલચંદ ધનજી.

# પરમ પૂજ્ય શ્રી વિજયવલ્લભસૂરિજીનું રચીત
# શ્રી સિદ્ધચક્ર સ્તવન.

પૂજન તો કર રહા હું, ચાહે તારો યા ન તારો—એ દેશી.

સિદ્ધચક્ર મહિમા જાની, ચાહે માનો યા ન માનો—અંચલી.
નવપદકા ધ્યાન ધરના, સંસાર પાર કરના, જરા જન્મ મરણ ટારી. ચાહે. ૧
ભાવારિ દૂર કરકે, અરિહંત નામ ધરકે, હુએ બારાં ગુણકે ધારી. ચાહે. ૨
ગુણ આઠ સિદ્ધ ધર્ત્તા, નિજ આત્મરૂપ કર્ત્તા, આઠોં કરમકો જારી. ચાહે. ૩
આચાર્ય ગચ્છ ધોરી, હુએ આત્મશક્તિ ફોરી, ષટ્ત્રિંશ ગુણ વિહારી. ચાહે. ૪
ગુણ પંચ વિંશ સોહે, ઉવઝાય મન મોહે, મુનિ પાઠનાધિકારી. ચાહે. ૫
ગુણ સાત વીશ ધારી, મુનિરાજ બ્રહ્મચારી, ભવિ જીવ મદદગારી. ચાહે. ૬
ધર્મીયે પાંચ જાનો, ચારોંકો ધર્મ માનો, નવપદકી મહિમા ભારી. ચાહે. ૭
સડસઠ ભેદ દરશન, સમ્યકત્વ શુદ્ધ ફરશન, સબ ધર્મકા આધારી. ચાહે. ૮
પાંચ ભેદ જ્ઞાન કહિયે, પંચાસ એક લહિયે, વિન જ્ઞાન કરણી ખારી. ચાહે. ૯
ગુણ સત્તરિ પ્રભાવે, ચારિત્ર શુદ્ધ થાવે, સંસાર પાર કારી. ચાહે. ૧૦
તપ બારાં ભેદ તપતા, ભવિ જીવ કર્મ ખપતા, સમતાકે હો ભંડારી. ચાહે. ૧૧
દો દેવ તત્વ સુંદર, ગુરૂ તત્વ તીન અંદર, હૈ ધર્મ તત્વ ચારી. ચાહે. ૧૨
નવપદ સિદ્ધ જાની, શાશ્વત ચક્ર માની, જાઉં સિદ્ધચક્ર વારી. ચાહે. ૧૩
આત્મ લક્ષ્મી દાતા, 'વલ્લભ' હર્ષ પાતા, સિદ્ધચક્ર સેવા સારી. ચાહે. ૧૪

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# કોઇપણ કાર્યસિદ્ધિ માટે પાંચ કારણો.*

કાળ, કર્મ, સ્વભાવ ને, ભાવી ભાવ એ ચારેરે;
દેખી પુરૂષાકારને, સાચા પણ થયા ઝાંખારે. ”
‘ ચંદ્ર પ્રભુ મુખચંદ્ર. ’

આ જગતમાં કોઇ પણ કાર્ય આ પાંચ કારણ એકત્ર મળ્યા વિના થતું નથી કેટલાક માણસો પાંચ કારણથી કાર્ય થાય છે એમ માનતા નથી. માત્ર એકજ કારણથી માને છે, વળી કોઈ બે કારણથી માને છે. તે છતાં તેઓના કાર્યની સિદ્ધિ તો પાંચે કારણ મળે છે ત્યારેજ થાય છે. અર્થાત્ કાર્યસિદ્ધિમાં તો એક કારણ જાણતાં અને બીજા ચાર કારણ અજાણતાં પણ સૌ કોઈને સ્વીકારવા જ પડે છે. આટલા માટે **શ્રીવીર** પરમાત્માના સર્વદર્શી દર્શનમાં પાંચ કારણ માનેલાં છે.

એ પાંચ કારણોના નામ આ પ્રમાણે છે, કાળ, સ્વભાવ, નિયતિ, પુરૂષાકાર અને પૂર્વકર્મ.

કાળ—વખત-જે વખતે જે થવા યોગ્ય હોય તે તે વખતેજ થાય.

સ્વભાવ—ખાસીયત-ધર્મ. જે વસ્તુમાં જે ધર્મ ગુણ કે ખાસીયત હોય તે પ્રગટ થાય.

નિયત—આને નિયતિ પણ કહે છે. એનો અર્થ જે બનવાનું હોય તેજ બને છે.

પુરૂષાકાર—ઉદ્યમ, વીર્ય, બળ, પરાક્રમથી જે કરવા માંડે તે થાય.

પૂર્વકર્મ—પૂર્વકૃત કે કર્મ પૂર્વે જેવાં કર્મ કર્યા હોય તેવું બને. આ પાંચ કારણો કેટલીક બાબત પર લાગુ પડવાથી વર્તન પણ ઉપયોગી થઇ પડશે. તે કારણ કેમ લાગુ પડે છે તે હવે બતાવીએ છીએ.

## મોક્ષપ્રાપ્તિમાં પાંચ કારણની આવશ્યકતા.

પાંચ કારણ તે આગળ કહ્યું તેમ કાળ, સ્વભાવ, નિયતિ, પુરૂષાકાર, અને પૂર્વકર્મ છે.

આ પાંચમા આરામાં મોક્ષ પ્રાપ્તિ થાય કે નહિ તે સંબંધી વિચાર કરીએ.

૧ કાલ—આ પંચમ કાળ એવો છે કે તેમાં જીવને મુક્તિ ન થાય. એમ શ્રી વીતરાગ ભગવાને સૂત્રોમાં કહ્યું છે. આ પંચમકાળમાં જન્મેલા મનુષ્યોને શાસ્ત્રમાં દુઃષમ કાળ ગણ્યો છે. એ કાળ મોક્ષે જવાને જે કાળ અનુકુળ હોય તેવો તે નથી.

* શેઠ અમરચંદ તલકચંદ સીરીઝમાંથી. ૧ એક નૂતન કવિના સ્તુતિ સંગ્રહમાંથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેમ આંબા પાકવાને વસંત રૂતુ અવશ્ય જોઈએ, તેમ મોક્ષ પામવાને ત્રીજો, ચોથો આરો જન્મ માટે અવશ્ય જોઈએ. ઉત્સર્પિણી અવસર્પિણી કાળમાં મોક્ષ પ્રાપ્તિ માટે એકંદર પહેલો, બીજો, પાંચમો, અને છઠ્ઠો આરો પ્રતિકુળ છે. ત્રીજો ને ચોથો આરો અનુકુળ છે.

૨. સ્વભાવ—હવે ધારો કે કાળ કદાચ અનુકુળ હોય એટલે ત્રીજો–ચોથો આરો હોય. તે છતાં જે જીવ મોક્ષ પામવાના સ્વભાવવાળા છે તેજ જીવ મોક્ષે જાય, બીજા જીવો ન જાય. જેમ મગમાં મગ અને કરડુ ભેગુ હોય, હવે મગની સાથે કરડું પણ ચુલે પકવવાને મુકયા હોય તો મગ તો ચડશે પરંતુ કરડુ ચડશેજ નહિ. કારણ કરડુમાં ચડવાનો સ્વભાવ નથી, એવા જીવોને અભવ્ય જીવો કહે છે. માટે કદાચ ત્રીજા ચોથા આરા જેવો અનુકુળ કાળ હોય તો પણ તેમાં મોક્ષ જવાને યોગ્ય એવા ભવ્ય જીવોજ મોક્ષે જાય, મોક્ષે જવાને અયોગ્ય એવા અભવ્ય જીવો મોક્ષે ન જાય, કારણકે અભવ્ય એટલે મોક્ષે જવાનો જેનો સ્વભાવજ નથી એવા જીવો. ૩

**નિયતિ**—નિયતિ અથવા નિયત એ કારણનો અર્થ નિમિત્ત એવો થાય છે. જેમકે જે સામગ્રી મોક્ષ પામવાને જોઈએ તે સામગ્રી કે સાધનો ન હોય તો વસ્તુ કેમ બને?

માટે ત્રીજા–ચોથા આરા જેવા યોગ્ય કાળમાં પણ મોક્ષ પામવાને સ્વભાવવાળા એટલે ભવ્ય જીવો હોવા છતાં પણ જે જીવોને મોક્ષ પામવાને યોગ્ય સાધનો કે નિમિત્ત ન મળ્યાં તે મોક્ષે ન ગયાં, માટે સાધન કે નિમિત્ત એ કારણની પણ કાર્યસિદ્ધિમાં અગત્ય છે. જેમ ઘડો બનાવવાને માટીની તો મુખ્ય જરૂર છે તથાપિ દંડ, ચક્ર, અને કુંભાર વિગેરેના નિમિત્ત વિના ઘડો બને નહિ, તેમ મોક્ષ પ્રાપ્તિમાં જે જીવોને યોગ્ય કાળ મળે, તેમજ તે જીવ ભવ્ય જીવો એટલે મોક્ષ પામવાના સ્વભાવવાળા હોય તે છતાં દેવગુરૂ ધર્માદિના નિમિત્તની જરૂર પણ છે.

પુરૂષાકાર–પુરૂષાકાર એટલે ઉદ્યમ. હવે જીવને ત્રીજા ચોથા આરા જેવો મોક્ષ જવાને યોગ્ય કાળ મળે, વળી તે જીવનો ભવ્ય સ્વભાવ હોય, વળી, મોક્ષ પામવાને યોગ્ય એવા નિમિત્ત પણ મળે, તે છતાં જે ઉદ્યમ ન કરે, તેને મોક્ષ ન મળે. જેમકે શ્રેણીક રાજા ચોથા આરામાં હતા માટે મોક્ષ પામવાને કાળ તો યોગ્ય હતો. તેમ શ્રેણીક રાજા ભવ્ય જીવ છે એટલે મોક્ષ પામવાને યોગ્ય સ્વભાવવાળા હતા, વળી નિમિત્ત પણ તેવું મળ્યું એટલે સમ્યકત્વ પણ પામ્યા, તે છતાં મોક્ષ પામવાને જે ઉદ્યમ કરવો જોઈએ તે ન કર્યો. દેશવિરતિ અને સર્વવિરતિ કરી ન શકયા તે પ્રમાણે કૃષ્ણ મહારાજ પણ સમ્યકત્વવાન હતા તેને પણ ચોથો આરો મોક્ષ પામવાને યોગ્ય સ્વભાવવાળો, પોતાનો ભવ્ય જીવ અને તવું જ સમ્યકત્વ પામવા રૂપ નિમિત્ત પણ મળ્યું, પરંતુ મોક્ષ પામવાને ઉદ્યમ કર્યો નહિ. માટે ઉદ્યમ અથવા પુરૂષાકારની પણ તેટલી જ અગત્ય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પૂર્વકર્મ—એટલે પૂર્વે જેવાં કર્મો કર્યાં હોય તેવાં ફળ મળે. પૂર્વકૃત એટલે પૂર્વે કરેલાં કર્મ એ પાંચમું કારણ છે. હવે મોક્ષ પ્રાપ્તિને માટે કાળ જો કે સ્થુલીભદ્રને યોગ્ય હતો. વળી ભવિ જીવ હતા, તેમજ નિમિત્ત પણ મળ્યાં હતાં અને ઉદ્યમ કરવામાં પણ ખામી ન હતી. પોતાની પ્રીતિવાળી વેશ્યાને ત્યાં રહી બ્રહ્મચર્ય વિગેરે કઠિણ પંચ [illegible] પાળ્યા. આમ જોતાં ઉદ્યમમાં પણ ખામી ન હતી, તે છતાં પૂર્વે કરેલાં [illegible] હતાં કે [illegible] બધા ક્ષય નહિ થઇ શકયા. ઘણાક ક્ષય થયા અને [illegible] રહી ગયા એટલે કે તેમની કર્મની સ્થિતિ પરિપકવ થઈ નહિ. તેથી ચારે કારણો અનુકુળ હોવા છતાં પાંચમું કારણ પૂર્વકૃત અનુકુળ ન હોવાથી પૂર્ણ ક્ષય વિના મોક્ષ પ્રાપ્તિ કરી શકયા નહિ.

આમ પાંચ કારણ કોઈ પણ કાર્યસિદ્ધિમાં અવશ્યના છે, સર્વ દર્શનવાળા આ પાંચે કારણો વિના કાર્ય કરી શકતા નથી. તે છતાં એક જૈનદર્શન આ પાંચે કારણને ખુલ્લી રીતે માન આપે છે.

# જૈન કોન્ફરન્સ વિજયી કેવી રીતે થઈ શકે.

( લે૦ પોપટલાલ ત્રીભોવનદાસ કરાંચી )

છેલ્લાં ચોવીસ વરસમાં જૈન કોન્ફરન્સની ૧૨ બેઠકો થઇ લાખો રૂપીઆનું પાણી થયું; પરંતુ જોઈએ તેવું સંતોષકારક પરીણામ ન આવ્યું તેના કારણો તો મારા નમ્ર મત પ્રમાણે તો એ છે કે પહેલાં તો આપણામાં ઐકયની ખામી હતી. ( ૧ ) કચ્છી દશા વીશા ઓસવાળ પક્ષ જે લાખો ખરચી શકે અને તેમાંથી સારા કાર્યવાહકો મળી શકે તેઓ દૂર રહ્યા. ( ૨ ) અમદાવાદી મોટો પક્ષ અલગ રહ્યો હતો. ( ૩ ) મારવાડીઓએ ઘણોજ જુજ ભાગ લીધો હતો. ( ૪ ) પંજાબી પણ ઘણાજ જુજ ભેળાયા હતા. ( ૫ ) દક્ષિણી તો મુદ્દલજ સામેલ નહોતા થયા. ( ૬ ) એક બે ધુરંધર આચાર્ય મહારાજાઓ તદન વિરૂદ્ધ હતા તેમ કોઇ ખાસ કામ કરનાર મળ્યાજ નહી. ફકત ત્રણ દીવસ સૂધી લાંબા લચ ભાષણો અને ઠરાવોનો મોટો હારડો રજુ કરવામાં આવતો હતો, પણ અમલી કાર્ય વાસ્તવીક રીતે કાંઇ કરવામાં નહોતું આવ્યું. વિગેરે ઘણા કારણો હશે. હવે તો થોડું થોડું પણ અમલી કાર્ય કરવું. હું તો માનું છું કે જો જૈન કોમ ફકત શેઠ નરોતમદાસ ભાણજીની સેવા મેળવી શકે તો શેઠ નરોતમદાસ પોતાના કાર્યોમાં બીજા ઘણા મદદગાર મેળવી લઇ શકે. દરેક દરેક પ્રાંતમાંથી બે ત્રણ ઉત્સાહી કાર્યવાહકો નીકળી પડે અને ફકત કોન્ફરન્સની બેઠકના ત્રણ દીવસ એકલા ભાષણો કરીને બેસી ન રહેતાં દરેક દરેક પ્રાંતમાં કોન્ફરન્સની ઓફીસની શાળાઓ સ્થાપે તે તે બ્રાંચ નીચે દરેકે દરેક શહેરમાં ઓફીસ ખોલી કોન્ફરન્સના ઠરાવોને અમલમાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મુકવા બનતું કરવામાં આવે. એક વર્કીંગ કમીટી નીમવામાં આવે અને ટુંકામાં જેવી રીતે મહાત્મા ગાંધીજીએ કોન્ગ્રેસનું કાર્ય ઉઠાવ્યું છે તે પદ્ધતિ ઉપર જો કોન્ફરન્સનું કાર્ય કરવામાં આવે તો કોન્ફરન્સ છેલ્લા ૨૪ વરસમાં નથી કરી શકી તેવું કાર્ય ૨૪ મહીનામાં કરી શકે. પહેલ વહેલું કચ્છી દશા વિશા ઓસવાળો સાથે જે જમવાનો ભેદ છે તે દૂર કરી નાંખવો. પછી એક વગવાળી કમીટી નીમી તે કમીટી દરેકે દરેક પ્રાંતમાં જઈ બધાની સાથે મળી કોન્ફરન્સ વિષેનો તેમના મનનો ભેદ કાઢી નાખી તેમની સહાનુભૂતિ મેળવી લે. ત્યારબાદ દરેક દરેક અગ્રગણ્ય મુનિરાજો અને આચાર્ય મહારાજોને મળીને તેમના મનની સમાધાની કરવી અને તેમની સહાનુભૂતિ મેળવી લેવી. પછી બધાનો મત પડતો હોય તે ઉપર ગંભીર વિચાર કરી વચલો માર્ગ કાઢી પછી કોન્ફરન્સ મેળવવામાં આવે તો આપણો બેડો પાર થાય. બાકી તો થાબડ થાબડ ભાણા કરવાથી તો વખત અને પૈસાનો વ્યય કરવા જેવું થવાનું અને આપણી સ્થીતિ ઘાંચીના બળદ જેવી થવાની. શ્રાવકોમાં સંગઠનની જરૂર છે એટલુંજ નહી પણ અમારા મુગટરૂપ મુનિરાજોમાં મતભેદનો પાર નથી. આજે હું તો ધારૂં છું કે શ્રાવકો કરતાં સાધુઓમાંજ તાણાતાણ થઈ રહી છે એ કંઈ ઓછી દીલગીરીની વાત નથી. દુનિયા ભરના તમામ ધર્મોના ધર્મગુરૂઓમાં જૈન સાધુ જેવો ત્યાગ કોઈનો નથી. આવા ગુરૂદેવ સામે આવું લખવાનો મારા જેવો ક્ષુદ્રસંસારી કીડાને હક નથી, પણ આપ તરફનો પૂજ્યભાવ અને આપ તરફની ઉંચ લાગણી આટલું લખવાને લલચાવે છે. ગુરૂદેવ યાદ કરો શ્રી હીરવિજયસૂરિના વખતની જૈનોની જાહોજલાલી! કયાં કુમારપાળ મહારાજા જેવા જૈન રાજા અને કયાં શ્રી હેમચંદ્રાચાર્ય જેવા ગુરૂદેવો! કયાં આણંદ અને કામદેવ જેવા શ્રાવકો અને કયાં અમો ભક્ષાભક્ષ કે પેય અપેયનો વિચાર પણ નહી કરવાવાળા અમારી અધોગતીના માટે પણ આપજ જોખમદાર છો તે આપે ભુલવું જોઈતું નથી.

# જૈન ઐતિહાસિક સાહિત્ય.

## " મૌર્ય ચંદ્રગુપ્ત સંવત્ "

### ( પરમાર્હત ખારવેલનો સમયકાળ )

ઇ. સ. ૧૯૧૭ ના ડીસેમ્બરમાં પ્રસિદ્ધ થએલા બિહાર ઉડીષ્યા રિસર્ચ સોસાયટીના જર્નલના ( માસિકના ) ત્રીજા ભાગના ચોથા અંકમાં ભુવનેશ્વર પાસેના ઉદયગિરિ પર્વતની હસ્તિગુફા નામની એક ગુફામાં કોતરાએલ કલિંગ ચક્રવર્તિ ખારવેલના તેર વર્ષના રાજ્યકાલને વિસ્તારપૂર્વક દર્શાવતી લીપીનો નવો પાઠોદ્ધાર અને વ્યાખ્યા પ્રગટ થઈ હતી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરંતુ તેનો મૂળપાઠ અને વ્યાખ્યાની શોધનાં સાધનો અત્યાર સુધી મળ્યા નથી. તેથી આ લીપી ઐતિહાસિક ગણુનામાં એક રીતે અવ્યવહારૂ મનાતી હતી પરંતુ અત્યારે ઐતિહાસિક વર્ગની પાસે કલિંગના પ્રાચિન ઇતિહાસના અંધકારમય ગર્ભમાં નેત્રપાત કરવાથી ભારતના પ્રાચિન ઈતિહાસના અજ્ઞાનમય સ્થાનમાં દીપક જેવી આ લીપી કેવો આદર પામી છે તે ૧૯૧૮ ના રોયલ એસીઆટિક સોસાયટીના જર્નલમાં પ્રગટ થએલ મી. વિન્સેન્ટ. એ. સ્મીથ સાહેબના એક પત્ર પરથી સમજી શકાય છે. ( New light on ancient India J. R. A. S. 1918 July & October. )

તેણે ઓકસફર્ડથી પટનાના બેરીસ્ટર જયઓસવાલ તથા ઈતિહાસવેત્તા શ્રીયુત રાખાલદાસ બંદોપાધ્યાયને આ લીપીનો પાઠ અને વ્યાખ્યાનો ઉદ્ધાર કરવા માટે સાગ્રહ ભલામણુ કરી હતી. અને તે બન્ને ભારતના કૃતજ્ઞ સંતાને બિહાર ઉડીસાના નાના લાટ ગેટ સાહેબની વિશેષ સહાયતાથી આ ગુફાની લીપી સ્પષ્ટ પ્રતિકૃતિ લઈને તેના મંતવ્ય સાથે અંગ્રેજી ભાષામાં પ્રકાશિત કરેલ છે. ( J. B. O. R. S. Vol. III Part IV Page 425-507. )

આ લેખ આશરે બે હજાર વર્ષ પહેલા કોતરાએલ છે. તે સત્તર પંક્તિઓમાં સંપૂર્ણ થાય છે. જેમાંની ચાર લીંટી સાફ છે. પાંચમી લીંટી પણ તેવી જ છે. છઠ્ઠીથી પંદરમી સુધીની લીંટીઓ વાંચી શકાય તેવી નથી. અને બાકીની બે લીંટીઓ સારી રીતે વાંચી શકાય એવી છે. એ છેલ્લી બે લીંટીઓમાં વિચારણીય વષનો આંક “ ૮૧૬૫ રાજમુરીય કાલે ” એ પ્રમાણે શબ્દો છે. આપણે આ વર્ષને મૌ. ચં. સં. તરીકે માની લઈએ; પરંતુ અન્ય વિદ્વાનોએ આની જુદી રીતિની વ્યાખ્યા પ્રગટ કરેલ હોવાથી એ વિષયને સાચી માનવામાં સંશય રહેતો હતો. જે અત્યારે નિઃસંશયપણે તે પુરાણોક્ત મૌર્યવંશીય ચંદ્રગુપ્તના સંવત તરીકે સ્વીકારાએલ છે.

સ્મિથ સાહેબ પોતાના ( Oxford History of India Page 70. ) હિન્દુસ્થાનનો પ્રાચિન ઈતિહાસ નામક પુસ્તકમાં ચંદ્રગુપ્તના આવિર્ભાવનો જે કાળ નિર્દેષ કર્યો હતો તેનું પરિવર્તન કરવાને અત્યારે તૈયાર છે. તેણે તે પોતાનો મત ફેરવવાનો સ્પષ્ટ ઉલ્લેખ રોયલ એશિયાટિક સોસાયટીના માસિકમાં કરેલ છે. તેમજ તેના ઐતિહાસિક ( Tamils Eighteen Hundred years ago. ) માં ચંદ્રગુપ્તનો રાજ્યાભિષેક કાળ આ ખારવેલની લીપીના આધારે ઈ. સ. પૂર્વે ૩૨૬-૩૨૨ નો મધ્ય સુચવ્યો છે. અને આ લીપીના આધારે શ્રીયુત રાખાલદાસ વંદોપાધ્યાય પણ મહાવીર નિર્વાણ કાળ ઇ. સ. પૂર્વે ૫૪૩ વર્ષે જણાવે છે. અને શ્રીયુત જય ઓસવાલ મહાશયે પણ શુંગ અને શિશુ નામના રાજવંશના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિવરણુમાં અનેક નવીન સત્ય વૃતાંત બહાર પાડેલ છે. નાનાઘાટની લીપીને પ્રથમ પ્રાચિન લીપી તરીકે માનીએ તો મૌર્ય સમ્રાટ અશોક પછી ઐતિહાસિક સ્વરૂપમાં આ ખારવેલ લીપીને બીજી પ્રાચિન લીપી તરીકે માની શકાય. આ લીપી ઇ. સ. પૂર્વે ૧૯ વર્ષે અર્ધ માગધી અને જૈન પ્રાકૃત ( જુની બંગાળી ભાષાનો નમુનો ) ભાષાના લક્ષણુવાળી અપભ્રંશ પ્રાકૃત ભાષામાં ખોદાયેલ છે. તેમાં કલિંગપતિ સમ્રાટ ખારવેલાની પ્રત્યેક વર્ષની ગૌરવકથા કોતરાયેલ છે. આ નીરવ ગુફા નિરવપણે ખારવેલની ગૌરવકથા ઉચ્ચારી રહેલ છે. ખારવેલ પંદરમે વર્ષે યુવરાજ પદે અધિષ્ઠિત થયા, અને ચોવીશમે વર્ષે એનો રાજ્યાભિષેક થયો હતો

( ૧ ) પછી પહેલે વર્ષે પવનના તોફાનથી જર્જરિત થએલ કલિંગ રાજધાનીને સુધરાવી હતી. પુનર્ગઠિત કરીને કલિંગના ૩૫ લાખ મનુષ્યોને સંતોષ થાય તેવું કાર્ય કર્યું હતું.

( ૨ ) બીજે વર્ષે પશ્ચિમના પ્રબલ વિરોધી સાતકર્ણી રાજાનો તિરસ્કાર કરી પશ્ચિમમાં સૈન્ય ચલાવ્યું હતું. તેમજ કશ્યપ ક્ષત્રિયોની સહાયથી મસિકની રાજધાનાનો નાશ કર્યો હતો.

( ૩ ) ત્રીજે વર્ષે ગાંધર્વ વિદ્યા સાધના કરી હતી.

( ૪ ) ચોથે વર્ષે ( અનુમાન થાય છે કે ) વિદ્યાધરોનું મંદિર શોધીને તેને સમરાવ્યું હતું. તેમજ રાષ્ટ્રિક અને ભોજક પર વિજય પ્રાપ્ત કર્યો હતો.

( ૫ ) પાંચમે વર્ષે ત્રણુસો વર્ષ પૂર્વે નંદરાજાએ ખોદાવેલ ખાળ ( નહેર ) ને ત્યાંના સુલીઆ રોડથી રાજધાની પર્યંતની વૃદ્ધિ કરી હતી.

( ૬ ) છઠ્ઠે વર્ષે નગરના માણુસોને અનુકુળ સાધનો કરી આપ્યાં હતાં.

( ૭ ) સાતમે વર્ષે ( અસ્પષ્ટ લીપી છે તોપણુ સમજી શકાય છે કે ) વિવાહ કર્યો હતો.

( ૮ ) આઠમે વર્ષે મગધ પર ચઢાઈ કરી બરાબર પર્વત ( ગૌરથગીરી ) સુધી આગળ વધીને ગયાથી પાટલીપુત્ર સુધીનો માર્ગ શત્રુઓનો નાશ કરીને નિષ્કંટક કર્યો હતો, અને તેનો પ્રતિદ્વંદ્વી રાજગૃહાધિપતિ બહપતિ મિત્ર ( પુષ્પમિત્ર ) મથુરામાં નાશી ગયો હતો.

( ૯ ) નવમે વર્ષે કલ્પતરૂ વૃત–હાથી, ઘોડા, ગાય, પ્રવાલ વગેરે બહુમૂલ્ય વસ્તુઓનું મહાદાન, બ્રહ્મભોજન, ભૂવનેશ્વર પાસેની પ્રાચી નદીના બન્ને કિનારે ૩૫ લાખ મુદ્રાઓનો વ્યય કરીને વિજયપ્રસાદ મેળવ્યો હતો. (તોષાલી–ધાઉલી)

( ૧૦ ) આર્યાવર્તમાં સૈન્ય મોકલ્યું હતું. ( અસ્પષ્ટ લીપી છે ).

( ૧૧ ) એકાદશમે વર્ષે પૃથુદગર્ભ નગરમાં ૧૩૯૦ વર્ષ પૂર્વે ઉત્પન્ન થએલ, અને પ્રાચિન રાજ્યવર્ગે બનાવીને પ્રતિષ્ઠિત કરેલ કેતુભદ્ર ( ? ) રાજાની કાષ્ટમૂર્તિને લઇ આવ્યો હતો અને તેનો વરઘોડો ચડાવ્યો હતો, જેથી નગરના લોકો બહુ આનંદિત થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



( ૧૨ ) બારમા વર્ષે ઉત્તરાપથમાં ચઢાઈ કરી હતી. અને આ વર્ષમાં વિસ્મય તથા ત્રાસથી મગધના રાજમાં ક્ષોભ થતાં મગધરાજે ખારવેલની આજ્ઞાનો સ્વીકાર કર્યો હતો. તથા અંગને મગધમાંથી વિજયચિન્હ મેળવી પાછો ફર્યો હતો. મગધની રાજધાનીમાંથી કલિંગની કેટલીક અસ્થાવર સંપત્તિ તથા મૂર્તિઓનો ઉદ્ધાર કર્યો હતો. ( વિશેષ વિવરણ નાશ પામ્યું છે ) અને કલિંગ રાજધાનીમાં અતિ ઉચો વિજયપ્રસાદ બનાવ્યો હતો. જેમાં વિજયચિન્હ તથા ભેટણાની વસ્તુઓ ગોઠવી હતી અને તેજ વર્ષે પાંડુરાજે હસ્તિપોતમાં રથ, ઘોડા, હસ્તિ, નોકર ચાકર, સોનું, મણિ, મુક્તાફળ, પ્રત્યુત વસ્તુ સાથે બહુ મુલ્યવાળું ઉપઢોકણ મોકલાવ્યું હતું.

( ૧૩ ) તેરમે વર્ષે ( જય પ્રાપ્તિથી ) રાજ્યના વિસ્તારથી સંતોષ પામ્યો હતો; અને ધર્મમાં મન પરોવી કુમારી ( ઉદયગિરિ ) પર્વતમાં અર્હત મંદિરના માટે કાંઇક કર્યું હતું. ( અસ્પષ્ટ લીપી છે. )

ખારવેલને નવલાખ ગોકૂળો હતાં. તેને અર્હત્ મંદિરની પાસે શિલાહાસની રચના કરી ચાર સ્તંભવાળી મણિમુક્તાફળથી જડેલી શિબિકા બનાવી હતી, તેમજ લીપી સાથે હસ્તિગુફાને કોતરાવી હતી. લીપીના છેલ્લા ભાગમાં ખારવેલની રાજનૈતિક પ્રશંસા તથા ખારવેલના બીજા નામો ક્ષેમરાજ, બદ્ધરાજ, ભિખુરાજ અને ધર્મરાજનો ઉલ્લેખ છે. ઇતિહાસમાં અત્યાર સુધી આ કલિંગ સમ્રાટ પ્રતાપશાળી ખારવેલનું વૃતાંત લખાયું ન હતું, પરંતુ અત્યારે હસ્તિગુફાની લીપી પ્રાપ્ત થયા પછીથી આ પ્રાચિન વૃતાંત વિદ્વાનોની દ્રષ્ટિપથમાં આવેલ છે. આ લીપી દ્વારા અનેક ઐતિહાસિક નવાં રહસ્યો પ્રગટ થતાં જાય છે, અને મહાભારત તથા પુરાણમાં વર્ણવેલ વૃતાંતોને પુષ્ટિ મળી છે. આ ઉપરથી અત્યારે ઇતિહાસમાં સ્થાન પ્રાપ્ત કરી શકે તેવી પુરાણકથાઓ છે. એમ કહી શકાય તેમ નથી. કારણ કે મહાભારતમાં કલિંગ સૈન્યના સેનાધિપતિપદે રહેલ કલિંગ યુવરાજ કેતુમાનના યુદ્ધનું વિવરણ મળી શકે છે. આ કેતુમાનને પ્રત્યુક્ત લીપીમાં કેતુભદ્ર તરીકે ઓળખાવ્યો હોય એમ માની શકાય છે. મહાપદ્મનંદના વખતમાં કલિંગના પ્રથમ રાજવંશનો અધિકાર નષ્ટ થયો હશે ત્યાર પછી બીજો રાજવંશ કલિંગ રાજ્યને સ્વતંત્ર કરી અને પ્રતિષ્ઠાને પામ્યો હતો. તેની પણ પ્રિયદર્શી ભારત સમ્રાટ અશોકના અરસામાં પડતી થઇ હતી, અને ત્રીજીવાર મૌર્યવંશની પડતીના કાલે ચેતવંશે કલિંગમાં પ્રતિષ્ઠા જમાવી હતી. કલિંગાધિપતિ ખારવેલે લીપીમાં પ્રાચિન કલિંગ રાજવંશ સાથે જે સન્માન પ્રદર્શિત કર્યું છે. તેથી સમજી શકાય છે કે કલિંગાધિપતિ ખારવેલ પુરાણા કલિંગના રાજવંશ સાથે કોઇપણ સંબંધવાળો હતો; અને તે ઈસુખ્રિસ્તના જન્મકાળની પૂર્વે આશરે બસો વર્ષે કલિંગના ત્રીજા રાજવંશ ચેતવંશમાં જન્મ્યો હતો. આથી હવે નીચે લખ્યા મુજબ ઐતિહાસિક સમય તારવી શકાયછે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈ. સ. પૂર્વે ૪૬૦ કલિંગમાં નંદવંશનો રાજ્યકાળ.
ઈ. સ. પૂર્વે ૨૩૬ અશોકનું મૃત્યુ.
ઈ. સ. પૂર્વે ૨૨૦ કલિંગમાં ત્રીજા રાજવંશની ( જાહોજલાલી ) સ્થાપના.
ઈ. સ. પૂર્વે ૨૧૩ સાતવાહન વંશનો રાજ્ય પ્રારંભ.
ઈ. સ. પૂર્વે ૧૯૭ ( ચેતવંશમાં ) ખારવેલનો જન્મ.
ઈ. સ. પૂર્વે ૧૮૮ મગધમાં મૌર્યવંશનું અધ:પતન, અને પુષ્પમિત્રને સિંહાસન પ્રાપ્તિ.
ઈ. સ. પૂર્વે ૧૮૨ ખારવેલ યુવરાજ થયો.
ઈ. સ. પૂર્વે ૧૮૦ સાતકર્ણીનું ખારવેલ સાથે યુદ્ધ.
ઈ. સ. પૂર્વે ૧૭૩ ખારવેલનો રાજ્યાભિષેક.
ઈ. સ. પૂર્વે ૧૬૫ મગધપરની પહેલી ચઢાઇ, ને ગોરથગિરિનું યુદ્ધ.
ઈ. સ. પૂર્વે ૧૬૧ મગધ પર બીજી ચડાઇ.
ઈ. સ. પૂર્વે ૧૬૦ હસ્તિ ગુફાની લીપી.
ઈ. સ. પૂર્વે ૧૪૬૦ કેતુભદ્ર, કેતુમાન, મહાભારત કાળ. (૧૪૬૦-૧૯૨૪=૩૩૮૪ એટલે અત્યારથી ૩૦૦૦ વર્ષ પૂર્વે મહાભારતમાં વર્ણવેલ કુરૂક્ષેત્રનું યુદ્ધ થયું હતું. )

હવે ચંદ્રગુપ્તનો સંવત્ કલિંગ રાજ્યમાં કેમ હશે ? આ પ્રશ્ન સ્વાભાવિક ઉપસ્થિત થશે પણ કલિંગ રાજ્ય મગધના તાબામાં આવ્યું હશે ત્યારે ચંદ્રગુપ્ત સંવત્નો પ્રચાર થયો હશે. એમ સમજી શકાય છે. એ બનવા સંભવ છે. તેથી ઉપરોકત સંશયને સ્થાન રહેતું નથી. વળી મગધરાજ નંદની પુત્રી મુરાના ઉદરથી ચંદ્રગુપ્તનો જન્મ થયો છે તેથી ચંદ્રગુપ્ત મૌર્યવંશીય મનાય છે, અને પ્રસ્તુત લીપીમાં કોતરાએલ “ રાજમુરીય કાળ ” તે નક્કી આ મુરાના પુત્ર ચંદ્રગુપ્તના રાજ્યારોહણ વર્ષથી પ્રારંભાએલ સંવત્ છે. પુરાણોક્ત મૌર્યવંશીય ચંદ્રગુપ્ત ઇ. સ. પૂર્વે ૩૨૭ વર્ષે રાજ્યારોહિત થયો હતો, અને ત્યાર પછી ૧૬૫ વર્ષે હસ્તિ ગુફાની લીપી ખોદાએલ છે. ‘ આથી રાજમુરીય કાળ ’ તે ચંદ્રગુપ્ત સંવત્સરના છે એમ માનવાને કોઇપણ જાતની હરકત નથી. તેમાં કોઈ જાતનો સંશય રહેતો નથી. લીપીમાં રહેલ બીજા વર્ષના વર્ણનમાં સાતકર્ણીનો ભેટો દર્શાવેલ છે. આ સાતકર્ણી જે ત્રીજા આંધ્રવંશીય દક્ષિણનો રાજા સાતવાહન છે. તે રેવાના પશ્ચિમ ભાગ સુધી પથરાયો હશે. તે તેની લીપી તથા મુદ્રા પ્રાપ્ત થઇ છે તે પરથી સમજી શકાય છે. બારેન્દ્રપાળ રાજવર્ગની પેઠે સાતવાહન રાજવર્ગે પણ પ્રજાના સામર્થ્ય અને સહાયથી રાજ્ય પ્રાપ્તિ કરી હતી. તેઓ પ્રથમ દક્ષિણમાં જ પોતાના રાજ્યને બળવાન બનાવી ઉડિષ્યાની પશ્ચિમ હદ સુધી આગળ વધ્યા હતા. —ચાલુ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# " વિશ્વરચના પ્રબંધ "

## નિવેદન આઠમું.

( ગતાંક પૃષ્ટ ૨૪૧ થી શરૂ. )

જ્યારે હાવર્ડ યુનિવર્સીટીના પ્રો૦ વીલીયમ પિકરીંગ મહાશય કહે છે કે ચંદ્રની સપાટી પરની વારંવાર જણાતી નીશાનીઓ તે ઝાડ પાન વેલા તરકારી અને લીલોતરી છે. ચંદ્રનો એક દિવસ પૃથ્વીના ચૌદ દીવસ જેવડો છે. ચંદ્રના જ્વાળામુખી જેવા ભાગો તે વરાળ કાઢતી પાણીની ગરમી છે તથા ચંદ્ર ઉપર મનુષ્ય હોવાનો સંભવ છે. જે સંબંધીનું સત્ય રહસ્ય પણ એક દિવસે ખુલી જશે. પણ એ ચોક્કસ છે કે અત્યાર સુધીના પ્રોફેસરો ચંદ્રને મરેલા ગ્રહ તરીકે માનતા હતા. તે બીના બીનપાયાદાર છે. આ પ્રમાણે સત્ય પ્રકાશમાં અંગ્રેજ વિદ્વાનોમાં પણ ઘુંચવાડો પડેલ છે એટલે શું સત્ય છે એમ માનવામાં ખંચકાય છે તો પછી આ સંશયાત્મક વાતને આપણે કેમ કબુલ કરી શકીયે ?

**વિદ્યાર્થી**—વલી તે સૂર્યના ગોલાથી ૬૧૪ ને અંતરે ટાંકણીની માથા જેટલી રજ મૂકશો તે મંગલ ગ્રહ થશે. આ ગ્રહ પૃથ્વીથી ઘણોજ નજીક છે જેથી હાલના વિદ્વાનોએ શોધ કરી છે કે, મંગલમાં ઝાડ, પાલો, જલ, સ્થલ, નહેર, વગેરે દેખાય છે. એકવાર દુર્બીનથી મંગલમાં સળગતો અગ્નિ દેખાયો હતો. આપણી જાણ માટે તે ત્યાંના મનુષ્યોએ કર્યો હશે. મંગલ ગ્રહમાં મનુષ્યો જેવાં પ્રાણીઓ વસી શકે છે. તેથી તે જોડે સંબંધ કરવા અત્યારની કેટલીક વેધશાળામાં મહા પ્રયત્નો આરંભાયેલ છે. ઉદ્યમથી શું દૂર છે ?

**અધ્યાપક**—અહો ! કેવી હાસ્યની વાત કરી. આ હાસ્યજનક વાત ઉડાવવા જ ન્યુકુંબ કહે છે કે પૃથ્વીને મંગલની માત્ર દેખાવની સરખાવટ છે. તેમાં બરફ દેખાતો નથી, વલી ૧૮૭૭ માં શાયપરેલીયે મંગલમાં કેટલીક લીંટીયો જોઇને નહેરો હોવાનું જાહેર કર્યું ત્યારપછી લીલોતરી દેખાઇ તો નહેરની બાબતમાં ખગોલીયોનો મત ફેર છે તેથી કાંઇ ચોક્કસ નથી કહેવાતું. મંગલના મનુષ્યો સાથે સંબંધ માટેના પ્રયત્નો ફોગટ છે જો કે ઉદ્યમ હંમેશાં ફલ દેવાવાળો છે પણ પાણીને વલોવી માખણની આશા રાખવી એજ મહાન ભુલ કહેવાય. વળી બસો ફૂટ પર રહેલ ટાંકણીના માથા જેવડો તેજસ્વી કણ પણ દેખાવો મુશ્કેલ છે. તો પછી પૃથ્વીના માણસોથી મંગલ દેખાવાની કલ્પના પણ ઠીક બંધ બેસતી નથી. તો ગુરૂ વગેરે દેખાવાની આશા જ શી ?

**વિદ્યાર્થી**—રવિથી ૧૧૦૦ ફુટ આંતરે રેતીનાં જીણામાં જીણા ૪૦ કણો

For Private And Personal Use Only

મુકો તે વેષ્ટા, આષ્ટીયા વિગેરે કોઇ મોટા ગ્રહના કટકા જાણવા. ૦॥ માઇલના આંતરે વચલા કદની નારંગી તે બૃહસ્પતિ થશે. ૪ માઈલે નાની નારંગી મુકો. તે શની ગ્રહ જાણવો. ૧॥ માઈલના આંતરે કાજુ ફલ મુકો. તે યુરેનસ ગ્રહ કલ્પવો, ૨॥ માઇલને ફાસલે નાનો કાજુ મુકતાં નેપચ્યુનની જગ્યા પૂરાશે. આ પ્રમાણે ગ્રહોનું ચિત્ર છે. ઉપરનું માપ માત્ર દાખલારૂપ છે પણ તેજ તફાવતે તે ગ્રહો કરોડો માઈલ દૂર છે, તે ગ્રહોની આસપાસ નાના ગ્રહો ફરે છે. તેને ઉપગ્રહ અથવા ચંદ્ર સંજ્ઞાથી ઓળખાવાય છે. વળી ૧૯ મી સદીમાં **પીયાજીની** શોધથી **નેગોસેના** ગણીતથી સીરીસ ગ્રહ શોધાયો. ૧૮૦૨ માં ડો. **ઓલબોર્સે** પાલસ શોધ્યો. ૧૮૦૯ માં જુનો શોધાયો, ૧૮૦૭ માં વેષ્ટા, ૧૮૪૫ માં એસ્ટ્રા અને સને ૧૮૪૬ માં નેપચ્યુન ગ્રહ શોધાયેલ છે. તેના વ્યાસાદી પણ શોધાયા છે. આ ગ્રહો એકમતે નિહારીથી ઘસાઇ તૈયાર થયેલાને બીજા મતે એક ખંડના કટકા રૂપે બનેલા મનાય છે. શુક્ર મંથીન્ આથાહયનદેવ વિશ્વ એ પણ ગ્રહો છે. તે સર્વ સૂર્યની આસપાસ ફરે છે. વલી પણ ધુમકેતુ, પુછડીયા વગેરે ગ્રહો છે તેના પુંછો કરોડો માઇલના હોય છે સને ૧૮૪૩ ના કેતુનું પુંછ ૧૧ કરોડ માઇલ હતું. ૧૮૬૧ ના કેતુનું ૨ ક્રોડ માઈલ હતું. ધૂમકેતુઓ પણ મધ્યાકર્ષણના બલે રવી બાજુ ફરે છે. પણ ખરૂં કહીએ તો આ સંબંધે પુરૂ ખ્યાલમાં કંઈ આવતું નથી. તેઓ આકાશમાં કયાંય ચાલ્યા જાય છે ને સેંકડો વર્ષે દેખાવ દે છે. આ પ્રમાણે ઘણી સૂર્યમાળાઓ આકાશમાં છે. સોલ સત્તર મહત્ત્વથી તેનો ક્રમ સમજાય છે. જેમાંના સમજાવટના દુર મહત્ત્વના તારાઓ આપણે જોઇ શકતા નથી જે માત્ર દુર્બીનની મદદથી દેખી શકાય છે. +૨૮ તે બધા સૂર્યો એક સૂર્ય આસપાસ ફરે છે ને એમ એક બીજા આસપાસ ફરતાં બધા મંડલો **હર્ષલના** મત પ્રમાણે હરક્યુલીસ પુંજના મધ્યમાં રહેલ (શૌરી) લીરા પ્રત્યે દર કલાકે વીશ હજારમાઈલના વેગે જાય છે, તેને પહોંચતા–:–:–વધુ વર્ષ જાશે. બીજા પંડિતો દર સેંકડે ૧૦ માઈલની ગતિથી જતાં મંડલને હરક્યુલર્સ પાસે પહોંચવા ૧૮ ક્રોડ વર્ષનું માન જણાવે છે ને કહે છે કે આની પૂર્ણાહુતિનો ખરો ઉત્તર મળવો મુશ્કેલ છે. તે શૌરી પણ કોઇની આસપાસ ન ફરતાં પોતાની આસપાસ રહેલ સૂર્યના આધારે સ્થિર રહેલ છે. આ પ્રમાણે વિશ્વાંડનો અંત નથી આનું કેમ ?

**અધ્યાપક**—આ પાસેના રાશિ ચક્રથી સમજી શકાશે કે પૃથ્વી છ રાશીને સ્પષ્ટ રીતે જોઈ શકે છે. હવે મેષમાં રહેલ શનિને મનુષ્યો બરાબર જોઇ શકશે.

+૨૮ દક્ષિણ ક્ષોતલી ૭ મોતારો આલ્ફાસેટારી પૃથ્વીની ઘણે નજીક એટલે ૨૦૦૦૦૦૦૦૦૦૦૦૦ માઇલ ફાસલે છે પણ ત્યાં તોપનો ગોલો પહોંચતા ૨૦ લાખ વર્ષ જાય ને **એરિયન** તારા પુંજનો વિસ્તાર રવિથી ૨૨૦૦૦૦,૦૦૦૦,૦૦૦૦૦૦૦૦૦ ગણો છે. **વ્યાધ્રમિત્ર** પણ ૭ રવી જેવડો છે. જે મૃગવ્યાધને આંટા દે છે.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે શની કન્યામાં જતાં દેખાશે નહીં ને આ સ્થિતિ એજ તેને ગતિ કાલની સાથે ગણતાં વિચારીયે તો જેટલો કાળ શનિનો ઉદય છે, તે કરતાં અધિક અસ્તકાળ સંભવે. ઉત્તરધ્રૂવ પરથી નિશ્ચય કરી શકાય છે કે સૂર્યનો ઉદયકાળ ત્યાં છ માસનો છે તેમ એકદમ રવી ઉપર રહેલાને જ શનીનો ઉદયકાળ ૧૫ વર્ષ સંભવે ને બુધ શુક્ર પૃથ્વ્યાદિ ગ્રહોના માણસોને તો શનિનો ઉદયકાળ ઓછો સંભવે. કારણકે પૃથ્વી વગેરે તરફ આવતાં તેનું ભ્રમણ ક્ષેત્ર ઓછું હોય છે ને ઉલટી દિશામાં ભ્રમણક્ષેત્ર બહુજ વધી જાય છે. તેમ નક્ષત્ર રાશિ વગેરેના દેખાવને માટે પણ તેમજ થવું જોઈએ. પણ તે કાંઈ બનતું ન હોવાથી સૂર્યમાલાનો વિશ્વાસ બેસતો નથી. યુરેનસ–રાહુકેતુ વગેરે ગ્રહો છે. પણ એવા કુલ ૮૮ ગ્રહો છે. જે નિયત રીતે ગતિવાળા છે. તો તેમાં જે દેખાય છે તે કાંઇ સૂર્યમાળાની સ્થિરતાના પુરાવા રૂપ નથી તથા ધુમકેતુની ગતિથી આલગોલનો વિરોધ વધારે સ્પષ્ટ થાય છે. આકર્ષણ સિદ્ધાંતના મહત્ત્વનો પણ ખ્યાલ આવે છે એટલે દીવાળીયાનું ખાતુ જેમ માંડી વલાય છે તેમ ગુરૂત્વાકર્ષણ શકિતથી રહિત સુર્ય આસપાસ ગ્રહોનું ભ્રમણ માનવું નિષ્ફલ છે, તારાઓને રવિ જેવડા કલ્પી સૂર્યોને તારો માનવાનો ખ્યાલ ઉભો કર્યો છે ને લંગડાની જેમ ગુરૂત્વાકર્ષણની ક્રિયા ઉભી રાખી બીજા ગ્રહના બળે શૌરીને સ્થીર કલ્પ્યો ! આથી તો મોટા પદાર્થો નાનાને ખેંચે એ ગુરૂત્વાકર્ષણના સિદ્ધાંતને મોટો ફટકો લાગે છે ને તેજ મજબુત સાબીતીથી પુરવાર કરી શકાશે કે પૃથ્વીને પણ તેના નાના પદાર્થો પોતાની તરફ ખેંચી રાખી સુર્ય તરફ જવા નહીં દઈ શકે, તેમજ દરેક સુર્યમાલાના સૂર્યો પોતાના સૂર્યને શૌરી પ્રત્યે જવા ન દેતાં પોતાની તરફ ખેંચી રાખે. અંતે આકાશમાં દરેક ઉપગ્રહો, ગ્રહો, સુર્યો, મહાન સુર્યો, શૌરી સીધી લીટીમાં ગતિ કર્યા કરે, આ પ્રમાણે વિરૂપ સ્વરૂપ આવે છે અથવા શૌરી પાસે મહાન સુર્યો પહોંચશે. પછીની સ્થીતિ શું ? એ વિચારતાં અંતે કોઈને તો સ્થીર માનવો પડે છે, નહીં તો પ્રથમ કહ્યા પ્રમાણે અનવસ્થા દોષાપતિને સ્થાન મળે છે. માટે પૃથ્વીને સ્થીર માનવી એજ બુદ્ધિવાદમાં વિજયીપાઠ છે. રેલ્વેમાં રહેલ માણસ મગજના ફેરફારે રેલ્વેને સ્થીર અને માર્ગના સામેની વસ્તુને ગતિવાલી જુએ છે ને અધિક અનુભવે રેલ્વેને ફરતી ગતિ કરતી ને માર્ગના વૃક્ષ વિગેરે સ્થીર છે એમ કલ્પી શકે છે તેમજ તમારા કહેવા પ્રમાણે પૃથ્વીનો માણસ પૃથ્વીને સ્થીર ને ગ્રહોને ફરતાં માને છે. ને અધિક અનુભવવાળા વિદ્વાનો પૃથ્વીને ગતિ વાળી માને છે પણ ગ્રહોને સ્થીર માનવાને બદલે તેને પણ ગતિવાળા માને છે ને અંતે દરેકને ગતિવાળુંજ માને છે. વાહ વાહ ! આ જડવાદના બુદ્ધિ વૈભવને આપણે કઇ ઉપમા આપી શકીયે ? કારણ કે અંતે સૂર્યને ગતિવાલો જ માનવો પડે છે તો પૃથ્વીને સ્થીર રાખી સૂર્યાદિ ગ્રહોને ગતિવાલા માનવા એજ વધારે હિતાવહ છે ને જ્ઞાનીયોએ તે પ્રત્યક્ષ જોઇને કહ્યું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**વિદ્યાર્થી**—ત્યારે શું ગ્રહો ભારે છે ને સૂર્ય આસપાસ ફરતા નથી ?

**અધ્યાપક**—ગ્રહો ભારે હોય તો પૃથ્વીપર આવી પડે ને હળવા હોય તો આકાશમાં ધુમાડાની પેઠે ચાલ્યા જાય માટે તેઓ એકલા ભારે ગોલાઓ નથી કે એકલા હળવા ગોલાઓ નથી પણ એકમેક પ્રણમેલ લઘુગુરૂરૂપ રજકણોથી બનેલા વિમાનો છે. જે તારાઓને તમે સ્થિર માનો છો ને પ્રકાશક હોવાથી ઘણે અંતરે રહેલા સૂર્યો કલ્પો છો તે પણ સુર્યો નથી પણ ગતિવાલા પાસે પાસે રહેલા નાના વિમાનો છે. સુર્ય વગેરે તીર્છાગતિમાં ચાલતા હોવાથી આપણે સવારે તેનો એક તરફનો, મધ્યાન્હે નીચેનો, ને સાંજે બીજી તરફનો ભાગ જોઇએ છીએ તે દરેકમાં ફેરફાર દેખાવાનું કારણ તેમના બંને તરફના ચિન્હો છે. બાકી તે દરેક વિમાનો જ તીર્છા ગતિએ ફર્યા કરે છે.

**વિદ્યાર્થી**—તારાઓને જોતાં એક બીજાના આંતરમાં કાંઇ ફેરફાર નથી થતો, માટે તે સ્થીર મનાય ખરા !

**અધ્યાપક**—તેને માટે તમોને સમ્મત એવા પુરાવાથી જ તમોને સમજાવી શકીશ. **હ્યુગોડકે** ગ્રહ પ્રકરણમાં કહ્યું છે કે ચંદ્ર સુર્ય ગ્રહો જુદા જુદા માર્ગે ગમન કરતાં થકાં આપણી દ્રષ્ટિ મર્યાદામાં આવે છે ને પશ્ચિમ ભણી ગતિ કરતાં જણાય છે એ ગતિનું કારણ વિચારીએ તો બન્નેને ફરવા માટેનું અયન ક્ષેત્રં ( ઉતરાયન-દક્ષિણાયન ) વિશાલ છે તેથી તેની ગતિ આપણે જાણી શકીયે છીયે તેમ તારાઓનું ગતિ ક્ષેત્ર ઉત્તર દક્ષિણ ભણી ઓછું છે તેથી તેમને સ્થીર માનવા ઠીક ન કહેવાય. તારાઓમાં આંતરૂં આપણે જોઇ શકતા નથી તેથી તેઓ નક્ષત્ર વગેરે કયાંક જાય છે કે નહિ તે સ્પષ્ટ સમજાતું નથી. એમ કહેનારાઓને સૂર્યમાળાના મંડન ગ્રંથરૂપ સૃષ્ટિ રચનામાંથી પાઠ જોવા ભલામણ કરૂં છું. તેમાં લખ્યું છે કે પહેલા જે તારાઓ હૈયાત હતા તે હાલ બીલકુલ જણાતા નથી. કેટલાક અત્યારે પણ ધીરા ધીરા અણદીઠ થતા જાય છે ને કેટલાક જન્મ લેતા જાય છે. ડો. **હર્સલના** ફીલોસોફીકલ ટ્રાંઉ સેકશનમાં નવા અને જુના તારાઓનો સંગ્રહ છે તેમના ગતિ માર્ગથી બીજા તારાઓ એક તરફ થવાથી કે ગતિમાં આડે આવવાથી તારાઓનો જન્મ કે ઘસારો થાય છે ને તારાઓમાં સ્થાનાંતર થવાપણું હોય તો જ એ ક્રિયા સંભવે છે. જે **હર્ષલના** સંગ્રહના તારાઓ અને અત્યારના તારાઓની સરખાવટ કરવાથી સ્પષ્ટ સમજી શકાયછે માટે તારા ગતિ કરે છે ને પૃથ્વી સ્થિર છે.

**વિદ્યાર્થી**—કેટલાક નવા વિદ્વાનો તારાઓ ફરે છે એમ શોધથી કબુલ કરે છે તે તમો કહો છો એ કારણને લઇને હશે.

**અધ્યાપક**—તારાઓની ગતિ વાસ્તવિક હોવા છતાં—કેટલાક જાણે છે છતાં થોડી મુદતથી સ્થીર થયેલ ક્રમનો ત્યાગ કરી શકાતો નથી. જેથી બાળકોને હજુ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ " તારાઓ સ્થિર છે. " ઈત્યાદિ અસત્ય પાઠ શીખવાય છે. પણ તારાઓ ઉતાવલી કે ધીરી ધરી ગતિથી ફર્યા જ કરે છે. જુઓ સસિ, रवि, नखत्ता, ताराओ, हुंति जउत्तरं सिग्घा એમ ચંદ્ર સુર્ય નક્ષત્ર અને તારાઓ દરેક ઉત્તરોત્તર શીઘ્ર ગતિવાલા છે.

સાંપ્રતકાલીન શોધના વિરોધમતો તથા શંકાઓ નીચે મુજબ છે:–વિષુવબિંદુ સ્થિર નથી. કેટલાક કારણે દરવર્ષે ૫૦–૫૭ વિકલા પાછળ જાય છે તેથી નક્ષત્ર ભવર્ષથી સૌરવર્ષનાનું ? (ખ–વિ) અંગ્રેજી ફાંગલાના મત પ્રમાણે રવીગ્રહ આસમાની છે કેષ્ટનઓનની શોધ પ્રમાણે રવિગ્રહ સફેદ છે (વિશ્વવિજ્ઞાન) રવી સાઠ સાઠ ઘટીકાનો આંટો મારે છે તે પ્રથમ તેજ પુંજરૂપે, પછી મોતિરૂપે, ક્રમે રવી રૂપે પ્રકાશ પુરે છે. ( મૃગ–૧૦૬, પછી )

પૃથ્વીની ધરીનો એક ભાગ ઉત્તર ધ્રુવપર છે તે ધ્રૂવસ્થીર છે એમ કહેવાય છે પણ ધ્રૂવને સત્ય માનતાં સાવચેત રહેવું જોઈયે એમ સર હેમચંદ્ર કહે છે ( જ્યોતિષજ્ઞાન )

સૂર્યમાળામાં પૃથ્વી ફરતી મનાય છે તેમ સુર્યાદિ ફરે છે પણ ઉદયાસ્ત નથી, દક્ષિણાર્ધ દેખાતો જ નથી પણ સુર્યનો ઉદય દક્ષિણથી થાય છે (મૃગશીર્ષ પર પછી)

સંધ્યાપ્રકાશ કેમ થાય છે, ચંદ્રની ચાલુ ગતિમાં કેમ ફેરફાર પડયો તે સમજાતું નથી. માર્કરિને વરૂણ કક્ષાચ્યુત કેમ થાય છે તે વિગેરે સમજાતું નથી અને તેનો ઉત્તર મળવો મુશ્કેલ છે તથા જર્મનીના ઉત્તરાંશાની કક્ષા હાલ ફેર વાયેલી જણાય છે તેનું કારણ પણ સમજાતું નથી. તેથી પૃથ્વીનો ખરો આકાર શું છે તે માટે પણ હજુ સંદેહ છે એમ જ્યોતિજ્ઞાનતાં કહેલ છે. ( ૫૩–૫૮ )

ચંદ્રકલાનો ફેરફાર કેમ થાય છે ? સૂર્યમાં કાલા ધાબા શું છે ? બૃહસ્પતિમાં લાલ રંગના ચિન્હો શું છે તેના ઉત્તરમાં ગોટાલો થાય છે. કેટલાક હાલના વિદ્વાનોનો શુક્ર વગેરેનો મત ચંદ્ર જેવો ફેરફાર રૂપે પ્રસર્યો છે પણ ચોક્કસ થતું નથી. બુધ મંડલનો એક ભાગ રવિ પ્રત્યે કેમ રહે છે તે વિચારવાનું છે.

ફેબ્રીશીયસે ૧૬૧૧ માં સૂર્યના ડાઘાની શોધ કરી છે તેઓ નાના મોટા થતાં દેખાય છે. તે કાળા ડાઘા સામાન્યે ૩ અઠવાડીયાને અને કયારેક ૧॥ વર્ષ સુધી રહે છે. તે ડાઘા શું છે તે ચોક્કસ થવાની જરૂર છે. બુધ બિંબ પર કાલા ડાઘા શું છે તે નક્કી કહી શકાતું નથી.

૧૮૭૯ માં રવિ પર એક નવો ગ્રહ જોવામાં આવ્યો હતો. કોઈ તેને ડાઘો કહે છે પણ સત્ય શોધ થતી નથી. કેટલાક કહે છે કે ચંદ્ર પરના ડાઘા તે દરીઆ છે કેટલાક કહે છે કે ઉંચા પર્વત છે, કોઈ કહે છે કે જ્વાળામુખી છે પ્રો. પિકરીંગ કહે છે કે તે પાણીની ગરમી છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૮૭૭ માં શાયપરીલીયે મંગલમાં કેટલીક લીટીયો જોઇને તેને હરો છે એમ જણાયું. પછી લીલોતરી દેખાઈ. આ વાતમાં ખગોલીયાનો મત ફેર છે તેથી કાંઈ ચોક્કસ નથી કહેવાતું.

મંગલપર મનુષ્યો વસે છે એમ જણાવી તેની સાથે વાતચીત કરવા મહા પ્રયત્નો આરંભાય છે ! જ્યારે કેટલાક ખગોલીઆઓ તેમાં નિષ્ફલતા દેખાડે છે.

સીરીસ પાલસ જુનો વેસ્ટા એસ્ટ્રા નેપચ્યુન તેની હારિકાથી થયા છે કે એક ગ્રહના તુટવાથી થયા છે તે ચોક્કસ નથી કહેવાતું.

મંગલની પેરે ગુરૂ પરના ડાઘાઓ સ્થીર દેખાતા નથી. છતાં પ્રો, પ્રીચીયે ૧૮૭૮ માં ગુરૂ પર એક લાલ ડાઘો સ્થીર જોયો છે. પણ તેના પ્રકાશની વૃદ્ધિ હાનિ થાય છે, આનો હેતુ સ્પષ્ટ સમજાતો નથી. રાશીચક્ર તેજ માટે હજુ ખાસ કાંઈ સમજાતું નથી.

આલગોલ તારો તે પ્રકાશ બે દીવસ બીજી પંકિતના જેવો થાય છે, કેટલાક કલાક પછી અર્ધો પ્રકાશ થાય છે. પુનઃ અસલ સ્થીતિમાં આવે છે. લોગેલ કહે છે કે તે દર કલાકે ૨૬ માઇલ જાય છે. સોબતીના કારણે પ્રકાશ ફેરવાય છે (જયો–જ્ઞા) યુરેનસ ગણુનાની ગતિ પર ચોક્કસ નથી આવતો તેનું કારણ સોબતી નેપચ્યુનનુ આકર્ષણ છે, પણ સૂર્યના આકર્ષણમાં ગ્રહોની પરસ્પર આકર્ષણશકિત કેમ માની શકાય ? સીરીયસ ( મૃગવાધ )ની ગતિ ફેર થવાનું કારણ સોબતીનું આકર્ષણ છે. તે મિત્ર સાત રવિ જેવડો છે ને ૪૯ માં વર્ષમાં તેને ચારે બાજુ એક આંટો દે છે.

હાલના તારા પ્રથમ કયાં પ્રકાશ નાખતા હશે ? નકામું કાંઇ ન હોય. આ ઉત્તર મળવો મુસ્કેલ છે તથા શુક્રની સપાટીને ઉન્નતાઇ માટે બે મત છે.

હિમ પ્રલયના કારણમાં મી. ક્રોલ કહે છે કે ભૂભ્રમણનો માર્ગ ચપટો છે, પૂર્વે તે વધારે ચપટો હોવાથી ૮૦ હજાર વર્ષ પૂર્વે હિમપ્રલય ઉત્તર ગોલાઇમાં થયો હશે, અને તેજ વખતે દક્ષિણ ગોલાર્દ્ધમાં સૌમ્યયુગ હશે. આ પ્રમાણે દક્ષિણ ગોલાર્દ્ધના હિમ પ્રલયના યુગમાં ઉત્તર ગોલાર્ધમાં સૌમ્ય યુગ સમજાય છે. આ વિષેની ક્રોલની શોધે વિશેષ ચિકિત્સા થયા વિનાજ સત્યતાનું રૂપ પકડયું. ભુસ્તર શાસ્ત્રીઓએ પણ આંખો વીંચીને આ મત સ્વીકાર્યો. વળી સર રોબર્ટ બોલે આ મતને પુષ્ટિ આપી અને વિશેષમાં સાથે સાથે જણાવ્યું કે ઉત્તરને દક્ષિણ બન્ને ગોલાર્દ્ધમાં આ હિમપ્રલય સમકાલીન હોવાનું સાબીત થાય તો જયોતિષીની ( ભુસ્તર શાસ્ત્રની અપેક્ષા વિના ) કરેલ ઉપપત્તિ એકદમ છોડવી પડશે, અર્થાત તે બનવું અશકય છે–સમકાલીન પ્રલય અશ્કય છે. આ અશકય કોટિની બીના શકય હોવાનું દક્ષિણ ધ્રુવ પ્રદેશના અનુભવી શોધક પ્રવાસીઓ જણાવે છે. તેઓ કહે છે કે ઉત્તર


For Private And Personal Use Only

ધ્રુ તરફનો બરફવાલો પ્રદેશ સંકોચાય છે. તેવીજ ભાંજગડ દક્ષિણમાં થાય છે. એટલે ક્રોલ સિદ્ધાંત ભુલંભરેલો ઠર્યો છે અને નવીન સિદ્ધાંત બલવાન છે. વલી વાદનો મુદ્દો એ છે કે પુરાણ મત-ન્યુટન મત, એ હતો કે પૃથ્વીનો આ સક્રાંતિ[૨૯] વૃતની આસપાસ ફરે છે તેથી વિશ્વનો ધ્રુબિંદુ ૨૬૦૦૦ હજાર વર્ષની એક પ્રદક્ષિણાથી કદંબની આસપાસ ફરે છે અને વિષુવવૃત ક્રાંતિવૃત ઉપર સરકે છે. **ભારતીય જ્યોતિશાસ્ત્રના** પૃષ્ઠ ૪૩૨ માં **માહિતાંદીક્ષિત** પણ સંપાત ગતિના વિષયમાં એજ બીના કબુલે છે. હવે ડ્રેસન વિગેરે નવીન શોધકો આ પ્રદક્ષિણાને કદંબથી છ અંશ છેટે આવેલા એક બીંદુ આસપાસ ઠરાવે છે. આ અયન ચલનથી સંપાતગતિમાં મોટો ગોટાળો થયો છે; કેમકે સંપાતનો એક ફેરો થવા માટે ૩૨ હજાર વર્ષનું ચક્ર માનવું પડે છે.


**ન્યુટન**—કહે છે કે ધ્રુ અને કદંબનુ અંતર ૨૩ છે કેમકે તેનો પ્રક્ષિણાનો માર્ગ વર્તુલ છે. તેથી તે અંતર કાયમ છે જ્યારે

---


૨૯ ૧ **વિષુવવૃત**—પૃથ્વીના ઉત્તરાર્ધ અને દક્ષિણાર્ધને જુદા દેખાડનાર મધ્ય લીટી-વલયાકાર લીટીને આધુનિક પંડિતો વિષુવવૃતની સંજ્ઞાથી ઓળખે છે. આ મધ્ય લીટીથી ૬૦૦૦ માઇલ દૂર ઉત્તરધ્રૂવ અને દક્ષિણ ધ્રુવ છે. વિષુવવૃતની ઉત્તરમાં ૧૮ અક્ષાંશ એટલે (૧૮×૭૦) ૧૨૬૦ માઇલ દૂર પુના છે.





૨ **ક્રાંતિવૃત**—વિષુવવૃતની ઉત્તરે કે દક્ષિણે સૂર્ય જેટલી ક્રાન્તિ-ગમન કરે છે. તે વર્તુલનું નામ ક્રાંતિવૃત છે. શીરસ્થ બીંદુથી ક્ષીતિજો સુધીમાં ૯૦ અંશ હોય છે તે પૈકીના ત્રેવીશમા અંશે વર્તમાન ક્રાંતિવૃત મનાય છે. આ કરતાં ઉત્તર કે દક્ષિણમાં વધારે અંશો પર સૂર્ય હોય જ નહીં, એટલે તે વૃતમાં ૨૭ નક્ષત્રોને ભોગવે છે.





૩ **ધ્રુ**—વિષુવવૃતના મધ્યમાંથી કાઢેલા આસાંના છેડાનું નામ ધ્રૂ બીંદુ છે. ધ્રુનો તારો તેને ભ્રમણ કરે છે.




૪ **કદંબ**—ક્રાંતિવૃતના આંસાના છેડાનું નામ કદંબ છે. કદંબ અને ધ્રુબીંદુમાં ૨૩ અંશનું અંતર રહે છે.




૫ **સંપાત**—વિષુવવૃત અને ક્રાંતિવૃત એક બીજાને સ્થાને છેદે તે સંપાત બીન્દુ કહેવાય છે.



Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**મી. હેૂસન**—કહે છે કે ધ્રુબીંદુ કદંબ પાસેના છ અંશ દુરબીંદુને ફરતો હોવાથી આ અંતર કાયમ ન રહેતાં ૨૩થી ૩૫ અંશ રહે છે.

સને ૧૯૦૬ માં છપાયેલ જ્ઞાન કોષમાં જણાવે છે કે લાપ્લાસે ક્રાંતિવૃતના તિર્યકત્વની મર્યાદા શોધવા બહુ પ્રયત્ન કર્યો હતો પણ વિશ્વસ્ય આંકડા આવ્યા નહીં. હાલના કડક ગતીના પરિણામે આ મર્યાદા ૨૩ અંશ કરતાં ઓછી વધુ થઇ શકતી નથી એવું બતાવી શકાય છે. ધ્રુ પ્રદક્ષિણામાં ધ્રુ મધ્યબિંદુ નથી તે સર્વ માન્ય છે પણ આ તરફ ક્રાંતિવૃતના ૨૩ મા અંશની માન્યતાના વિરૂદ્ધ મતો કહે છે કે–ઉપત્તિનો વાદ ઉભો રહે છે.

હિમપ્રલય અને સોમયુગ ક્રમે સોલ સોલ હજાર વર્ષના હોય છે અને તે થવાનું કારણ ક્રાંતિવૃતનું તીર્યકત્વ છે તો કયારે ક્રાંતિવ્રતના ૩૫ અંશ પણ હશે, જેને લીધે શીત કટીબંધની મર્યાદા તીર્યકત્વના અંશ સુધી હશે એટલે તે દરેક ભાગમાં હીમ જામેલો હશે જે અત્યારે ધ્રુ શોધકોના અનુભવથી સમજી શકાય છે.

અમેરિકાના શોધકો કહે છે કે આટલાંટિક મહાસાગર આપણી પૃથ્વીનો એક દેશ હતો, પણ ધુમકેતુ સાથે અથડાવાથી નાશ પામ્યો છે.

ડો—કાઉલ્ટર્સનો ભુત પ્રમાણુથી એવો મત છે કે આટલાંટિકએ એક સ્વતંત્ર ગ્રહ હતો અને પૃથ્વી સાથે અથડાવાથી નાશ પામ્યો છે. વલી તે ગ્રહના માણસો મંગલગ્રહમાં જઇ વસ્યા છે. **વિશેષમાટે** જગતની રચનામાં આધુનિક પરસ્પર વિરૂધ્ધ સિધ્ધાંતો નિવેદન ૧૨ માંથી જોવા ભલામણ છે. **ચાલુ.**

# માનપત્રનો મેળાવડો અને આ સભાનો વાર્ષિક મહોત્સવ.

**શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગર તરફથી આ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને શ્રી પંજાબ શ્રી સંઘ તરફથી આપવામાં આવેલ માન પત્ર--સુવર્ણ પદક આ સભા મારફત અર્પણ કરવા કરવામાં આવેલો મેળાવડો–તથા આ સભાનો ૨૯ મો વાર્ષિક મહોત્સવ તથા પૂજ્યપાદ ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજની ઉજવાયેલી જયંતી.**

આ જેઠ શુદ ૭ શનીવાર તા. ૩૦–૫–૧૯૨૫ ના આ સભાને ૨૯ વર્ષ પુરા થઇ ત્રીશમું વર્ષ શરૂ થતું હોવાથી દર વર્ષ મુજબ વર્ષગાંઠ ઉજવવાની હતી, એટલુંજ નહીં પરંતુ આ સભાના સેક્રેટરી ભાઈ વલ્લભદાસ ત્રિભુવનદાસને ઉપર પ્રમાણે માનપત્ર તથા સુવર્ણ પદક એનાયત કરવા એક જાહેર મેળાવડો કે જે સાથે ગુરૂરાજશ્રીની જયંતી ભકિત—ગુણગ્રામ કરવાના બે ઉત્તમ પ્રસંગો પણ આ વખતે સાથે–વધારે પ્રાપ્ત થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**આ સભાના સેક્રેટરી ભાઇ વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધી** ની સ્વર્ગવાસી પૂજ્યપાદ આત્મારામજી મહારાજ પ્રત્યેની ગુરૂભક્તિવડે આ સભાની ઉન્નતિ માટે ઘણા વર્ષો થયા સતત નિસ્વાર્થ સેવા કરતા આવે છે, તેથી તેમજ **શ્રી** સિદ્ધાચળજી પવિત્ર તીર્થ ઉપર મોટી ટુંકમાં પૂજ્યપાદ ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજની દેરીની કળા અને કારીગીરીના ઉત્તમ નમુના રૂપે જીર્ણોદ્ધાર કરાવવામાં આપેલ જાતિ ભોગ વગેરેથી આકર્ષાઇ પંજાબના સમગ્ર સંઘે ગયા માગશર શુદ ૫ ના રોજ શહેર લાહોર-પંજાબ ખાતે શ્રી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા, શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજને આચાર્ય પદવી આપવા પંજાબનો સંઘ એકત્ર મળ્યો હતો ત્યારે આ સભાના સેક્રેટરી ભાઇ વલ્લભદાસને જયઘોષ વચ્ચે " **ગુરૂભક્ત** " નું માનદ વિશેષણ યુકત માનપત્ર તથા " **શ્રી આત્માવલ્લભ** " ના બીરૂદ સાથેનું સુવર્ણ પદક-ચાંદ બક્ષીસ કરેલ, જે માનપત્ર તથા સુવર્ણ પદક આ સભા મારફત એનાયત કરવાનો મેળાવડો આ સભા તરફથી ( જેઠ શુદ ૭ શનીવાર સભાના વાર્ષિક મહોત્સવ તા. ૩૦-૫-૧૯૨૫ ) ના રોજ શેઠ કુંવરજી આણંદજીના પ્રમુખપણા નીચે શ્રી આત્માનંદ ભવનમાં સવારના સાડા આઠ વાગે કરવામાં આવ્યો હતો. આ મેળાવડામાં અત્રેના સમગ્ર જૈન સમુદાયમાંથી લગભગ દરેક આગેવાનો અને અન્ય બંધુઓએ ઘણી સારી સંખ્યામાં હાજરી આપી હતી.

આ પ્રસંગ સાથે વધારે ખુશી થવા જેવું એ બન્યું છે કે શ્રી પાલીતાણા યશોવિજયજી જૈન ગુરૂકુળના અધ્યાપક વર્ગ, સ્ટાફ વર્ગ અને વિદ્યાર્થીઓ તરફથી, ભાઇ વલ્લભદાસ આ જૈન ગુરૂકુળને પણ સતત્ સેવા અર્પી રહેલા હોવાથી તે માટે ધન્યવાદ આપનાર અભિનંદન પત્ર લઇને, આ ગુરૂકુળના સુપરીટેન્ડેન્ટ ભાઇ શંકરલાલ ડાહ્યાભાઇ આવ્યા હતા અને આ શહેરની બીજી સભા જે શ્રી જૈન ધર્મ પ્રસારક સભાને નામે ઓળખાય છે, આ સભાના તમામ સભાસદોને પણ આ મેળાવડામાં ભાગ લેવા શ્રી જૈન આત્માનંદ સભા તરફથી ખાસ આમંત્રણ કરવામાં આવ્યું હતું. સર્વે બંધુઓએ ભાગ લીધો હતો જેથી આ બંને સભા વચ્ચે પ્રેમની નિશાની જણાવનાર આ પ્રસંગ હતો.

કાર્યનો પ્રારંભ બરાબર સવારના સાડા આઠ વાગે થતાં પ્રથમ મંગળાચરણ રૂપે પ્રભુ સ્તુતિ કર્યા બાદ આ મેળાવડા અને જયંતી પ્રસંગે ખાસ બનાવવામાં આવેલું ગાયન ગવાયું હતું. જે નીચે મુજબ છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# શ્રી આત્મારામજી મહારાજની જયંતી અને માનપત્રના મેળાવડા પ્રસંગે ગવાયેલું ગાયન.

વારી વારી બલિહારી રે, ગુરૂરાજની જાઉં બલિહારી, હાંરે –ગુ૦
આત્મારામ સૂરીશ્વર કેરી, ઉજવો જયંતી ભવિક ભલેરી;
એ અનુપમ ઉપકારી રે. ગુ૦
ધન્ય દિવસ ઘડી આજ પ્રમાણો, ગુરૂ ગુણ ગાતાં મુદ મન આણો;
ભક્તિ સુમંગલકારી રે. ગુ૦
તરણુ તારણુ એ ગુરૂને વધાવો, આત્માનંદની ધૂન લગાવો;
ભવ્ય ભાવના ધારી રે. ગુ૦
આત્માનંદ સભા શોભાવે, શાસનને જન મન લોભાવે;
મંત્રી એના મનોહારી રે—ગુ૦
તન મનથી નિઃસ્વારથ ભાવે, સંસ્થાની જે સેવા બજાવે;
વલ્લભદાસ ગુણધારી રે. ગુ૦
પંજાબનો શ્રી સંઘ સમર્પે, માનપત્ર ગાંધીને હર્ષે;
અધિકોત્સાહ વધારી રે. ગુ૦
આનંદનો આ અવસર આવ્યો. સદ્‌ગૃહસ્થો સુજ્ઞોને ભાવ્યો;
થાઓ જય જયકારી રે. ગુ૦

આત્માનંદ ભવન.
સં. ૧૯૮૧ જેઠ શુદી ૭
શનીવાર.
ડુમરાકર.

ત્યારબાદ સભાના બીજા સેક્રેટરી શ્રીયુત ભાઇ હરજીવનદાસ દીપચંદે આમંત્રણ પત્રિકા વાંચી સંભળાવી હતી.

ત્યારબાદ ભાઇ દામોદરદાસ ગોવિંદજીની દરખાસ્ત અને ભાઇ નાનચંદ કુંવરજીના ટેકાથી શેઠ કુંવરજી આણંદજીએ પ્રમુખસ્થાન લીધું હતું. ત્યારબાદ આ સભાના ઉપપ્રમુખ શેઠ ગુલાબચંદભાઈ આણંદજીએ મેળાવડાનો હેતુ જણાવતાં કહ્યું કે:—

મહેરબાન પ્રમુખ સાહેબ અને બંધુઓ.

આપ જાણતા હશો કે ગયા માગશર શુદી–૫ કે જે દિવસ પંજાબના શહેર લાહોરમાં શ્રીમાન્ વલ્લભવિજયજી મહારાજને આચાર્ય પદવી, તેમજ શ્રી શાંતિનાથજી મહારાજશ્રીની પ્રતિષ્ઠાનો સુવર્ણમય પ્રસંગ હતો. હજારો માણસ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમગ્ર પંજાબના ( ચતુર્વીધ સંઘ સમુદાય ) વચ્ચે બંધુ વલ્લભદાસને યાદ કરી તેમની નિઃસ્વાર્થ સેવા પરાયણ ગુરૂભક્તિને યાદ કરીને, એક માનપત્ર અને સુવર્ણ પદક પંજાબના શ્રી સંઘે ત્યાંથી મોકલાવ્યા છે. મતલબ કે પંજાબના શ્રી સંઘે ( જૈન મહાસભાએ ) ભાઈ વલ્લભદાસની ગુરૂભક્તિ અને સતત્ સેવા માટે માનપૂર્વક જે કદર કરી છે, તે તેમના મહાન પુણ્યોની નિશાની છે. એમ હું માનું છું: તેમ આ માનપત્ર અને સુવર્ણ પદકના શબ્દો હવે પછી આપની સન્મુખ વાંચવામાં આવશે તેથી આપ સમજી શકશો.

૨ આ પ્રસંગે જણાવવાની જરૂર નથી કે આપણી સભા એ સદ્દગત પરમ્ ઉપકારી શ્રી વિજયાનંદ સૂરિ ( આત્મારામજી મહારાજ )ના પુણ્ય નામથી આબાદી ભોગવતી એક સંસ્થા છે, એટલે સભાની સેવામાં સતત્ ભોગ આપવો તે ગુરૂભક્તિનું એક અંગ છે, આ રીતે આપણી સભા સાથે ભાઈ વલ્લભદાસનો પ્રથમથી સંબંધ–સતત્ સેવા આપણે નજરે નીહાળતા આવ્યા છીએ, વળી શ્રી સિદ્ધાચળજી ઉપર આચાર્યશ્રીની (મૂર્તી પધરાવી) દહેરીનું સુંદર કાર્યકરાવવાનું કામ આપણી સભાને સોંપાયું હતું. તે સર્વ કાર્ય ભાઈ વલ્લભદાસે જાતી દેખરેખ નીચે કલાના નમુના જેવું સુંદર, અને સદગતના ગુજરાનવાલામાં આવેલા સમાધિ મંદિરના આબેહુબ અવતરણ સાથેનું તૈયાર કરીને સભાને જે યશ અપાવ્યો છે, તે સર્વ નિઃસ્વારથ ગુરૂભક્તિની કદર આપણા હાથેજ થાય તેમ ગોઠવણી કરવામાં આચાર્ય શ્રી વલ્લભવિજયજી મહારાજ, તેમજ પંજાબના સંઘે આપણી એકદીલી અને પાત્રતાની પીછાણ કરી છે. તેમ કહેતાં મને હર્ષ થાય છે.

૩ આજે સભાની વર્ષગાંઠ છે અને જે મહાત્માની ગુરૂભકિત નિમિત્તે ભાઈ વલ્લભદાસ ગુરૂભકતની પદવી પ્રાપ્ત કરવા ભાગ્યશાળી થયા છે, તેમના સ્વર્ગવાસનો દીવસ પણ આજે હોવાથી આજે તે માનપત્ર અને સુવર્ણ પદક ભાઈ વલ્લભદાસને અર્પણ કરવાનો પ્રસંગ બેવડો આનંદ ઉત્પન્ન કરે છે. ભાઈ વલ્લભદાસ સાધારણ સ્થિતિના હોવા છતાં તેમનું પ્રમાણીકપણું અને સેવા પરાયણ જીવન તેઓના ઉંડા સંબંધમાં આવેલાને આશ્ચર્યકારક રીતે અનુકરણીય છે. એટલુંજ નહિ પરંતુ આ સભા માટે તેમણે, તન–મન ધનનો જે ભોગ આપ્યો છે તે તેમના જેવા સાધારણ સ્થિતિવાળા તો ભાગ્યેજ આપી શકે.

એમણે કેટલીક વખત સભાના કાર્ય માટે પોતાના સ્વાર્થની પણ દરકાર કરી નથી એવો મારો અંગત અનુભવ છે. આવા સ્વાર્થ ત્યાગી બંધુ માટે પંજાબના સંઘે માનપત્ર તથા સુવર્ણ પદક આપી તેમની સેવા માટે જે કદર કરી છે. તે માટે આ સભા પંજાબના શ્રી સંઘનો ઉપકાર માને છે એટલુંજ નહિ પણ આ સભા માટે તેમની સતત્ સેવાની પીછાણ કરવાને ભુલાએલી ફરજ પંજાબના શ્રી સંઘે સંભારી આપીને આ સભાને જાગ્રત કરી છે તે માટે આ સભાની વતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમનો આભાર માનું છું, અને આ સભાની સીલવર જ્યુબીલી કરવા માટે થોડા વખત પહેલાં મળેલી આ સભાની જનરલ મીટીંગે ઠરાવ કર્યો છે જ્યાં આપણા બંધુ વલ્લભદાસની અખંડ સેવાની આ સભા પણ કદર કરશેજ એમ આશા છે. હવે આપનો વધારે વખત નહિ લેતાં ભાઈ ફતેહચંદ ઝવેરચંદને માનપત્ર વાંચવાની ભલામણુ કરૂં છું.

ત્યારબાદ પંજાબના શ્રીસંઘની વિનંતિથી આચાર્ય મહારાજ શ્રી વલ્લભવિજયજી મહારાજે બે પત્રો આ સભા ઉપર માનપત્ર અને સુવર્ણપદક ભાઈ વલ્લભદાસને જાહેર સંઘનો અથવા સભાનો મેળાવડો કરી છેવટે જેઠ શુદ ૭ સભાના વર્ષગાંઠ અને જયંતિના દિવસે એનાયત કરવા એ સંબંધી સુચના માટે લખેલા તે ભાઈ વેલચંદ ધનજીએ વાંચી સંભળાવ્યા હતા.

ત્યારબાદ ભાઇ ફતેહચંદ ઝવેરચંદે શ્રી પંજાબના શ્રીસંઘ તરફથી આવેલ માનપત્ર જે કે હીંદિ ભાષામાં સોનેરી શાહીથી શાસ્ત્રી અક્ષરે હાથથી લખેલું આવેલું હતું તેની નકલો પણ વહેંચવા માટે છપાવવામાં આવેલી હતી, તે માનપત્ર બુલંદ અવાજે હર્ષ સાથે વાંચી સંભળાવ્યું હતું. આ છાપેલી માનપત્રની નકલમાં મથાળે સુવર્ણપદકની નકલ કે જેમાં બંને બાજુ જે માનપૂર્વક લખાયેલા શબ્દોની નકલ પણ છપાવવામાં આવેલ હતી જે નીચે આપવામાં આવેલ માનપત્ર ઉપરથી જણાશે.

वंदेवीरमानंदम् ॥

**શ્રી પંજાબના જૈન સંઘ સમસ્ત તરફથી શ્રી ભાવનગર જૈન આત્માનંદ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને તેમની નિઃસ્વાર્થ ગુરૂભકિત અને સેવા પરાયણતાથી આકર્ષાઇને આપેલ સુવર્ણપદક ( ચાંદ ) તથા માનપત્રની નકલ.**

| | | |
|---|---|---|
| आत्म संवत २९ विक्रम संवत् १९८१<br>मागशर शुदि पंचमी सोमवार<br>१ ली डिसेंबर १९२४<br>श्री वीरसंवत् २४५१<br>**श्री आत्मानंद जैन महासभा पंजाब.** | સુવર્ણ પદક. | निःस्वार्थ सेवा परायण गुरुभक्त<br>**श्रीयुत् वल्लभदास त्रिभुवनदास गांधी**<br>" श्री आत्मवल्लभ ".<br>**ऑनररी सेक्रेटरी**<br>श्री जैन आत्मानंद सभा—**भावनगर.** |

## માનપત્ર.

**निःस्वार्थ सेवक गुरुभक्त श्री जैन आत्मानन्द सभा भावनगरके ओनररी सेक्रेटरी श्रीयुत् वल्लभदास त्रिभुवनदास गांधी की सेवामें ।**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



श्रीमन्

योग्य श्री आत्मानंद जैन महासभा ( श्री संघ ) पंजाब तरफसें जयजिनेश्वर के साथ मालुम होवे की श्री वीरसंवत २४५१ श्री आत्मसंवत् २६ विक्रम संवत् १९८१ मागशर सुदि पंचमी सोमवार तारीख १ दिसंबर १६२४ को देश पंजाब शहेर लाहोरमें प्रातःकाल ७॥ बजे १००८ प्रातः-स्मरणीय पूज्यपाद स्वर्गवासी जैनाचार्य न्यायांभोनिधि श्रीमद्विजयानंदसूरि ( आत्मारामजी ) महाराज के वचनानुसार " कि मेरे बाद वल्लभ पंजाबके श्री संघकी सार संभाल करेगा " योग्यता समजकर करीब चार पांच हजार श्रावक श्राविका समुदाय समक्ष–श्री १०८ वृद्ध मुनि महाराज श्री सुमति-विजयजी, पन्यास श्री सोहनविजयजी, पन्यास श्री विद्याविजयजी, तपस्वी महाराज श्री गुणविजयजी, श्री विचारविजयजी, श्री समुद्रविजयजी, श्री सागरविजयजी और श्री उपेन्द्रविजयजी साधु महाराज तथा साध्वीजी श्री देवश्री, श्री हेमश्री, श्री विवेकश्री, श्री चंद्रश्री, श्री चित्तश्री, श्री चंपकश्री श्रीहितश्री, और श्री चंपाश्री–एवं चतुर्विध श्री संघ पंजाबने मुनि महाराज श्री वल्लभविजयजी को आचार्य पदसे विभूषित करके श्री १०८ श्रीमद्विज-यानंदसूरिके पट्टधर तरीके कायम करते हुए श्री विजयवल्लभसूरिके नामसे और आपकी इच्छानुसार पंन्यासजी सोहनविजयजी महाराजको उपाध्याय पदसे विभूषित करके गुरुभक्तिका प्रमाण दीया.

आचार्य महाराज श्री विजयवल्लभसूरिजीने ६॥ बजे १६ वें तीर्थंकर भगवान् श्री शांतिनाथजीकी प्रतिष्ठा की । तदनंतर श्री आचार्य महाराजने श्री तीर्थाधिराज श्री सिद्धाचलजीपर श्री स्वर्गवासी गुरुमहाराजकी विराज-मान मूर्तिका परिचय देते हुए अपने यहां तन मन धनसे जो कुछ गुरुभक्ति की है उसका परिचय कराया, जिसको सुनकर श्री संघ पंजाबने आपकी निःस्वार्थ सेवा पर मुग्ध हो कर बतौर कदरदानी एक सुवर्णपदक (मॅडल) आपकी सेवामें भेजना निश्चित किया. होश्यारपुर निवासी नाहट गौत्रीय लाला गोरामलके सुपुत्र लाला अमरनाथने इस पदक का खर्च अपनी औरसे देनेकी इच्छा प्रगट की । श्री संघने इस बातको श्री १०८ श्रीमद्विजयानंद-सूरि महाराज, श्रीमद्विजयवल्लभसूरि और गुरुभक्त वल्लभदास गांधी की जय

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**बोलते हुए स्वीकार कीया. अतः यह मानपत्र और एक सुवर्णपदक " श्री आत्मवल्लभ " इस शुभनामसें अंकित भेजा जाता हय । आशा है कि आप सहर्ष स्वीकार कर कृतार्थ करेंगे.**

॥ इतिशुभम् ॥ **लाला नथुराम.**

**प्रेसीडेन्ट श्री आत्मानन्द जैन सभा.**

**( संघ समस्त पंजाब. )**

શ્રી ભાવનગર જૈન આત્માનંદ સભા તરફથી ભાઇ વલ્લભદાસ ત્રિભુવનદાસ ગાંધીની સેવાની યાદગીરીમાં શ્રી આત્માનંદ ભવનમાં મેળાવડો કરી શ્રી પંજાબના જૈનસંઘ તરફથી આવેલ સુવર્ણપદક તથા માનપત્ર એનાયત કરવામાં આવ્યું.

સંવત્ ૧૯૮૧ના જેઠ શુદ ૭ શનીવાર આત્મ સંવત્ ૩૦ સભાનો વાર્ષિક મહોત્સવનો દિવસ, તા. ૩૦-૫-૧૯૨૫ } **શા. કુંવરજી આણંદજી.** **મેળાવડાના પ્રમુખ.**

ત્યારબાદ શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણાના સુપરીન્ટેન્ડેન્ટ ભાઈ શંકરલાલ ડાહ્યાભાઈએ તે ગુરૂકુળના અધ્યાપકવર્ગ, સ્ટાફવર્ગ અને વિદ્યાર્થીવર્ગ તરફથી **ભાઇ વલ્લભદાસ**ને તે પ્રત્યે તેમની નિસ્વાર્થ સેવા માટે લાવેલ ધન્યવાદ-અભિનંદન પત્ર વાંચી સંભળાવ્યું હતું જે નીચે મુજબ છે.

# અભિનંદન-પત્ર.

**દેવગુરૂભક્તિકારક, શ્રદ્ધાળુ, શાસનભક્ત, શ્રી જૈન આત્માનંદ સભા તથા શ્રી ય. જૈ. ગુરૂકુલના ઑ. સેક્રેટરી રા. રા. વલ્લભદાસભાઇ ત્રિભોવનદાસ ગાંધીની સેવામાં.**

**મુ૦ ભાવનગર.**

**અમો** નીચે સહી કરનાર **શ્રી** યશોવિજયજી જૈન ગુરૂકુલના સુપ્રિન્ટેન્ડેન્ટ, અધ્યાપકવર્ગ, સ્ટાફવર્ગ તથા છાત્રવર્ગ વિગેરે. અમો અમારા હૃદયના ઉલ્લાસપૂર્વક, પ્રેમની લાગણી પ્રદર્શિત કરવા રજા લઈયે છીયે કે આપને સૂવર્ણપદક **અર્પણ** કરવાનો જાહેર મેલાવડો **શ્રી આત્માનંદભવનમાં** જેઠ શુદી સાતમે સવારના ૮. ૩૦. ના સમયે **શ્રી જૈન આત્માનંદ સભાના સભ્યો** તરફથી કરવામાં આવવાનો છે, તે શુભપ્રસંગે અમો આપને મુબારકબાદી ઇચ્છીયે છીયે.

આપણા પરમપૂજ્ય સદ્‌ગત **આચાર્યશ્રી** વિજયાનંદસૂરીશ્વરજીના પ્રશસ્ય અને વિદ્વાન શિષ્યમંડળના ઉપદેશથી **શ્રી પંજાબના સમગ્ર સંઘે** આપની નિઃસ્વાર્થ અને સતત સેવા જોઇ આપને જે સૂવર્ણપદક એનાયત કરી સેવાની કદર બુઝી છે તે જોઇને અમને પરમાનંદ થાય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આ ગુરૂકુલ પરત્વે પણ આપની અમાપ સેવાનું સ્મરણ થતાં અમોને અમારા હ્રદયમાં આનંદની ભરતી આવે છે. આપની આ સભાના સભ્યવર્ગે આપને સૂવર્ણપદક અને માનપત્ર અર્પણ કરવામાં જે હ્રદયોલ્લાસ બતાવ્યો છે તે ખરેખર ધન્યવાદને પાત્ર છે.

છેવટ આશા છે કે, શાસનવૃદ્ધિના કાર્યમાં આપની નિઃસ્વાર્થ સેવા સદા દઢિભુત રહો, આપના શુભ હસ્તે શાસનસેવાનાં શુભકાર્ય થાઓ અને આપને પરમ કૃપાળુ પરમાત્મા પરમાર્થના કાર્યો કરવામાં સદા સ્હાયભુત રહો તેમજ દીર્ઘાયુ બક્ષો એજ હ્રદયની પ્રાર્થના છે. ઇત્યલમ.

લી૦ શુભેચ્છક.

ગુરૂકુલ અધ્યાપકવર્ગ, સ્ટાફવર્ગ અને છાત્રવર્ગ તરફથી

સુપ્રિન્ટેન્ડેન્ટ—શંકરલાલ ડાહ્યાભાઇ કાપડીઆ.

ત્યારબાદ પંજાબ શ્રી સંઘ તરફનું માનપત્ર, તથા સુવર્ણપદક તથા શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલના સ્ટાફવર્ગ અને વિદ્યાર્થીવર્ગ તરફથી અભિનંદન પત્ર પ્રમુખ સાહેબના હસ્તે ભાઇ વલ્લભદાસને તાળીઓના અવાજ અને હર્ષ સાથે અર્પણ કરવામાં આવ્યું હતું ત્યારબાદ—

ભાઇ વલ્લભદાસે આ બંને માનપત્ર અને અભિનંદન પત્ર તથા સુવર્ણપદક આભારપૂર્વક સ્વિકારતાં પોતાની લઘુતા બતાવી ગદ્‌ગદ્‌ કંઠે નીચે મુજબ જણાવ્યું હતું.

## ભાઈ વલ્લભદાસનો જવાબ.

માન્યવર પ્રમુખ સાહેબ ! મારા મુરબ્બી બંધુઓ અને સભાજનો !

ગયા માગશર શુદ ૫ ના રોજ પંજાબના પાટનગર લાહોર શહેરમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા અને શ્રીમાન્ મુનિરાજશ્રી વલ્લભવિજયજી મહારાજશ્રીની આચાર્ય પદવીના માંગલિક પ્રસંગે પંજાબના શ્રીસંઘે મને અર્પણ કરેલી અમુલ્ય વસ્તુ આજે શ્રી જૈનઆત્માનંદ સભા મારફત આપ સાહેબની સમક્ષ, શ્રીયુત મુરબ્બી કુંવરજીભાઇના મુબારક હસ્તકથી મને સમર્પણ કરી શ્રી પંજાબના સંઘે મને જે આભારી કર્યો છે તેના માટે આભાર માનવાના મારી પાસે પુરતા શબ્દો નથી.

આ અપૂર્વ માન મને આપતાં તે માગશર શુદ ૫ ના મહોત્સવના પ્રસંગે પૂજ્ય આચાર્ય મહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજ અને પંજાબના શ્રી સંઘે જે જે વાક્યો મારા માટે ઉચ્ચારેલા છે તે ઘણા અતિશયોક્તિ ભરેલા હું માનું છું, કારણકે મેં મારી ફરજનો અલ્પ ભાગ બજાવ્યો હોવાથી હું આટલા બધા માનને પાત્ર હોઉં એવું મારૂં બીલકુલ માનવું નથી, કારણકે આ સભાના સેવા કે તે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દ્વારા કરેલી ગુરૂભક્તિમાં તો મેં મારી યથાશકિત ભાગ લીધો છે, અલ્પ ફરજ બજાવી છે, તે સાથે બીજા સભાસદ બંધુઓએ પણ પ્રસંગે પ્રસંગે પોતાની બનતી ભક્તિ–સેવા કરી છે; અને તે સર્વે બંધુઓની મદદ, ભાવના, એકદીલી અને લાગણી વગર સભાની આવી ઉચ્ચ સ્થિતિ કે જે ગુરૂભકિતજ કેવળ છે તે બની શકે નહિ, છતાં પણ મારી અલ્પ સેવાને મહાન્ ગણી આ ઉચ્ચ માન કે જે પંજાબના શ્રી સંઘે આપ્યું છે, તે શ્રીસંઘ તથા ગુરૂ મહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજની અત્યંત કૃપા અને પ્રેમ જણાવે છે. વ્યવહારમાં જણાય છે કે જ્યાં પ્રેમ હોય ત્યાં અલ્પ કાર્યને મહત કાર્ય, અલ્પ લાભને મહત લાભ અને અલ્પ ગુણને મહાન ગુણ લેખવામાં આવે છે જેથી આચાર્ય મહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજશ્રી તથા પંજાબના શ્રીસંઘનો અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

આવું અપ્રતિમ માન મેળવ્યા પછી તેને સંભાળપૂર્વક સાચવી રાખવું પડે છે. અને તે માટે તથા તેની વૃદ્ધિ થવા જીંદગી સુધી ઉચ્ચ વર્તન રાખવું પડે છે અને ફરજ બજાવવા તથા ગુરૂભકિત્ત સેવા કરવામાં કેટલીક વૃદ્ધિ કરવી પડે છે તે માટે હું તેમ કરવા પરમાત્માની પ્રાર્થના કરૂં છું કે મને તેવી શકિત અર્પે.

પંજાબના શ્રીસંઘ અને આચાર્યશ્રી વલ્લભવિજયજી મહારાજશ્રીએ મને આ જે માન આપ્યું છે અને તેને આ સભાએ તેમના વતી અર્પણ કરવા જે અપૂર્વ ઉત્સાહ બતાવ્યો છે, તે માટે મને એટલો બધો આભારી કર્યો છે કે જીંદગી પર્યંત આ સભાદ્વારા ગુરૂભભકિત અને સમાજ સેવા કરૂં તો પણ તેનો બદલો વાળી શકું તેમ નથી; જેથી આ સભાનો પણ અંતઃકરણ પૂર્વક આભાર માનું છું.

પંજાબના શ્રીસંઘે માગશર શુદ. ૫ ના રોજ મને જે આવું ઉચ્ચ માન આપ્યું તેની પ્રથમથી મને ખબર હોત તો હું તેનું વિનંતિ પૂર્વક નિવારણ કરત પરંતુ તે આપ્યા બાદ ઘણા દિવસો પછી તેની મને ખબર પડવાથી તે અટકાવવાનું અસ્થાને હતું.

મનુષ્યો આવા પ્રસંગોએ ચાંદને સુવર્ણ હોવાથી કિંમતિ વસ્તુ માને છે અને હું તેને કિંમતિ ગણવા કરતાં; માગશર શુદ ૫ ના માંગલિક દિવસે આચાર્ય મહારાજશ્રી વલ્લભવિજયજી મહારાજ અને પંજાબના શ્રીસંઘની વાણીમાં અને લેખીનીમાં મને જે ગુરૂભકત બનાવી ગુરૂભકતનું પદ આપ્યું છે, તેનેજ હું કીંમતિ મેડલ ગણું છું. જેથી ભવિષ્યમાં મારે વધારે ગુરૂભકિત અને સમાજ સેવા કરવા પ્રયત્ન કરવો અને મન વચન કાયાથી બનતું કરવું તે મારી પ્રથમ ફરજ સમજું છું.

મુરબ્બીઓ ! હવે હું વધારે બોલી આપનો કિંમતી વખત રોકવા માંગતો નથી અને ગુરૂભકિતમાં વૃદ્ધિ કરવા માટે આ સભાના હિતમાં વિશેષ પ્રયત્ન કરીશ અને તેના હિતને મારૂં હિત સમજીને જ સેવા કરીશ. આ કરતાં વિશેષ કાંઈ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ ન કહેતાં ફરી એકવાર આચાર્ય મહારાજશ્રી વિજય વલ્લભસૂરિજી મહારાજ અને પંજાબના શ્રીસંઘ, આ સભા અને તેના સભાસદ બંધુઓ તથા મારા સ્નેહીઓએ આ દ્વારા મારા ઉપર પ્રેમ જે બતાવ્યો છે તે માટે તેનો તેમજ આપ સર્વે બંધુઓએ અત્રે પધારી મને જે કૃતાર્થ કર્યો છે તે માટે આપ સર્વેનો આભાર માનું છું.

મુરબ્બીઓ અને બંધુઓ! શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ પાલીતાણાના સુપરીટેન્ડેન્ટ, અધ્યાપક વર્ગ, સ્ટાફ વર્ગ અને વિદ્યાર્થી વર્ગે આ વખતે મને જે અભિનંદન પત્ર આપેલ છે તે માટે આભારી છું. ગુરૂકુળની સેવા તે તો મારા જીવનનો આનંદ છે. ગુરૂકુળના બાળકો મારા બાળક અને ભાઈઓ છે અને સ્ટાફ વર્ગ વગેરે પણ મારા બંધુઓ છે અને અત્યાર સુધી તે ભાવનાથી કામ લેતો આવ્યો છું અને લઈશ. મારા લઘુભાઈઓ–વિદ્યાર્થીઓની શારીરિક, માનસિક અને આધ્યાત્મિક ઉન્નતિ કેમ જલદી થાય તે હેતુ માટેજ તન મન અને ધનથી સેવા કરૂં છું. અને તેનું ઉજવલ ભવિષ્ય કેમ જલદી થાય તે માટે સતત્ પ્રયત્ન કરૂં છું. આ ગુરૂકુળની ઉન્નતિ માટે જે સેવા કરી છે, ને કરૂં છું તેમાં હું એકલો નથી, મારી સાથે તેની અત્રેની કમીટીના બીજા ભાઈઓનો પણ તેની સેવા કરવામાં સરખો હિસ્સો છે, તે પણ તેટલા માનને લાયક છે. અને ધન્યવાદને પાત્ર છે. છતાં મારા વિદ્યાર્થી ભાઇઓ અને સ્ટાફ વર્ગના બંધુઓએ મારા ઉપરના પ્રેમને લઈને જ મને જે અભિનંદન પત્ર આપ્યું છે તે માટે ફરી પણ તેમનો ઉપકાર માનું છું અને મારી સાથે ગુરૂકુળની વધારે સેવા કરવામાં આ ખાતાના અધ્યાપક અને સ્ટાફ વર્ગને વિનંતિ કરૂં છું. એટલે શ્રી જૈન આત્માનંદ સભા, શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુળ અને મારા મિત્રોની સેવા માટે તો હું જીંદગીભર બંધાયેલો છું. હવે વિશેષ કાંઇપણ નહિં કહેતાં બેસી જવાની રજા લઉં છું.

ત્યારબાદ શ્રીયુત **શિવજી દેવશીએ** જણાવ્યું કે—ભાવનગરની જૈનપ્રજા ગૌરવવાળી છે. તેમના આંગણે શ્રી જૈનધર્મ પ્રસારક સભા અને શ્રી જૈન આત્માનંદ સભા સાથે ઉભી છે તે જોઈ હર્ષ થાય છે. આજે પંજાબના શ્રીસંઘે ભાઈ વલ્લભદાસની ભાવનગરની એક વ્યકિતની સેવાની કદર કરી ત્યારે ભાવનગર કયાં ઉંઘે છે ? પણ ફીકર નહિ, સ્વામી વિવેકાનંદની કદર અમેરીકાએ કરી, ટાગોરની કિંમત નોબલ પ્રાઈઝે કરી; તેમ ભાઇ વલ્લભદાસ માટે બને તો કાંઈ નવાઈ જેવું નથી. ભાઈ વલ્લભદાસને હું ઘણા વર્ષોથી ઓળખું છું. તેઓએ જ્યારે પ્રથમ અમદાવાદની જૈન કોન્ફરન્સમાં ભાષણ કર્યું ત્યારે મને લાગ્યું કે જૈનોમાં આ એક ચળકતો તારો છે. ભાઈ કુંવરજીભાઈ તથા ભાઈ વલ્લભદાસ એ બેજ વ્યકિત આ શહેરમાં મુખ્ય અને નિસ્વાર્થ સતત સેવા કરનાર છે, છતાં ભાઈ કુંવરજીભાઇ અત્યારે એક લક્ષ્મીવાન અને સંપૂર્ણ સાધનવાળા હોઇ સમાજ સેવા કરે છે ત્યારે ભાઇ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વલ્લભદાસ સામાન્ય સ્થિતિના છતાં તેવીજ નિઃસ્વાર્થ સતત્ સેવા કરે છે ત્યારે તેને માટે મને વધારે માન ઉત્પન્ન થાય છે. હવે વિશેષ ન કહેતાં ભાઇ વલ્લભદાસ વલ્લભ છે તે જગત્‌વલ્લભ બને અને આવું અનુપમ માનપત્ર મેળવ્યા પછી ભાઇ વલ્લભદાસ આંબાના ઝાડની પેઠે વધારે નમ્ર બનશે એમ ભલામણ કરૂં છું.

ત્યારબાદ ભાઈ **રતનશી નેણસી** ડુમરાકરે જણાવ્યું કે પૈસા વેરનાર બહુજ છે પણ આત્મભોગ આપનાર કોઈ વીરલ છે. આવો આત્મભોગ આપનાર કોઈ વીરલ છે. આવો આત્મભોગ આપનાર કુંવરજીભાઈ તથા ભાઇ વલ્લભદાસ છે. ભાઈ કુંવરજીભાઇ જ્યારે દ્રવ્યવાન્ હોઈ સેવા કરનારા છે ત્યારે ભાઇ વલ્લભદાસ સામાન્ય સ્થિતિના હોવા છતાં તન મન ધનથી સમાજ સેવા માટે ઘણા વર્ષોથી આત્મભોગ આપનારા હોઇ તેઓ વધારે ધન્યવાદને પાત્ર છે.

ત્યારબાદ શેઠ **દેવચંદભાઇ દામજી** કુંડલાકરે જણાવ્યું કે, ભાઇ વલ્લભદાસ આ સભાનું એક હૃદય છે તેમજ આ સભાની સેવા માટે તેઓ ખરેખરા સ્વાર્થત્યાગી છે. વખાણ કરવાની ખાતર નહી પરંતુ અનુભવેલી ખરી હકીકત જણાવું છું કે, થોડા વખત પહેલાં ભાઈ વલ્લભદાસ જામનગર અને હું પાલીતાણે જતો હતો. સ્ટેશન ઉપર એક માણસ તેમના ધંધાને અંગે તેઓ વીમાના એજંટ હોવાથી મોટી રકમનો વીમો આપવાનો હોવાથી સ્ટેશન ઉપર આવી આવતી કાલે વીમો આપવાનો હોવાથી ભાઇ વલ્લભદાસને અત્રે રોકાવા જણાવ્યું, ભાઇ વલ્લભદાસે કહ્યું કે મારે સભાના કામે જલદી જામનગર જવું છે જેથી હવે રોકાઈ શકું તેમ નથી. મારે સભાનું કામ જરૂરનું હોવાથી ત્યાં જવું પડશે. વીમો આપવો હોય તો હમણાં આપો નહી તો તમોને યોગ્ય લાગે તેમ કરો. તેઓ ન રોકાતાં પોતાના લાભની દરકાર ન કરતાં સ્વાર્થનો ત્યાગ કરી જામનગર ગયા. આ દાખલો તેમની સમાજ સેવા માટે સ્વાર્થત્યાગ માટે બસ છે. આવા એક નિસ્વાર્થ સેવા કરનાર બંધુને આવું માન પંજાબનો શ્રી સંઘ આપે તે યોગ્યજ છે

ત્યારબાદ **માસ્તર શામજી હેમચંદ** જણાવ્યું કે હાલ તો બધા ન્યુસપેપર વાંચવામાં પડ્યા છે તેટલો ઉત્સાહ ધાર્મિક વાંચન માટે દેખાતો નથી, તો પછી સમાજ સેવા કરવાની વાતજ ક્યાં કરવી. ભાઈ વલ્લભદાસની નિસ્વાર્થ સેવા જાણીતીજ છે અને તેઓની પંજાબના શ્રી સંઘે કદર કરી તે યોગ્ય જ છે. આવી સેવા કદર કરનારની આજે નહીં તો કાલે જરૂર થશે.

ત્યારબાદ ભાઈ **પ્રભુદાસ અમૃતલાલે** ભાઇ વલ્લભદાસની સેવા માટે જણાવ્યું કે પંજાબના શ્રી સંઘે યોગ્યની યોગ્ય કદર કરી છે.

ત્યારબાદ ભાઈ **જાુઠાભાઇએ** કેટલુંક વિવેચન કર્યા બાદ છેવટે **પ્રમુખે** ઉપસંહાર કરતાં જણાવ્યું કે આજે આનંદનો અવસર છે, ઉપરાંત વ્રત, નિયમ, દેવ ગુરૂ ભક્તિ અને ધર્મ તથા એ સંબંધી આવશ્યક ધર્મ સમજાવ્યો હતો અને છેવટે જણાવ્યું કે ભાઇ વલ્લભદાસ સામાન્ય સ્થિતિના છતાં તેઓની સભા તથા ગુરૂકુળ પ્રત્યેની સમાજ સેવા અને ગુરૂભક્તિ જાણીતી છે. અને હું તેમને ઘણાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વર્ષોથી સેવા કરતા જોઉ છું. તેઓ આવી સામાન્ય સ્થિતિના છતાં સેવા માટે જે તન મન અને ધનનો ભોગ આપી રહ્યા છે તેથી ભાઈ વલ્લભદાસ વિશેષ ધન્યવાદને પાત્ર છે.

---

આ સભાના સેક્રેટરી ભાઈ વલ્લભદાસને પંજાબના શ્રી સંઘ તરફથી માનપત્ર અને ચાંદ આ સભા મારફત મેળાવડો કરી એનાયત થતાં તે માટે આવેલ મુનિ મહારાજ શ્રી હંસવિજયજી મહારાજનો આનંદજનક પત્ર.

વડોદરાથી હંસવિજય તથા પંન્યાસજી આદિનો ધર્મલાભ વાંચવો. ભાવનગર.

સુજ્ઞ શ્રાવક વલ્લભદાસને માલુમ થાય જે પંજાબ સંઘ તરફથી માનપત્ર અને સુવર્ણપદક પંજાબ મહાસભાએ મોકલેલું તમોને અર્પણ કરવા અને શ્રી પાલીતાણા ગુરૂકુળ તરફથી આવેલ અભિનંદન પત્ર સંભળાવવા શ્રી જૈન આત્માનંદ સભાએ મેળાવડો કરી તમારા સ્તુત્યકૃત્યની કદર કરી તે હેન્ડબીલદ્વારા અને જૈન પત્રદ્વારા વાંચી અમો ઘણા ખુશી થઈયે છીએ. અને વિશેષ પ્રકારે ગુરૂભકિત અને જ્ઞાનનો ફેલાવો કરવા ભલામણ કરીએ છીએ. પ્રથમ મોકલેલ તથા જયંતીનો લેખ શ્રી આત્માનંદ પ્રકાશમાં દાખલ કરશો. ગુલાબચંદભાઈ વિગેરેને ધર્મલાભ કહેવા જેઠ શુદિ ૧૦.

આશિર્વાદ—માસ્તર મોતીચંદ ઝવેરચંદ, ઝવેરી, મૂળચંદ આશારામ વૈરાટી અમદાવાદ, નરોતમદાસ બી શાહ મુંબઈ, પરભુદાસ રામચંદ અમદાવાદ, શાહ મોહનલાલ ખોડીદાસ મુંબઈ, વોરા જગજીવનદાસ અમરચંદ જસરાજ મુંબઈ વગેરે તરફથી પણ ભાઈ વલ્લભદાસને મળેલા માનપત્ર માટેના ખુશાલીના પત્રો આવેલા હતા.

જૈન તા. ૩૧--૫-૨૫ વીરશાસન તા. ૫-૬-૧૯૨૫ મુંબઈ સમાચાર તા. ૬-૬-૨૫ અને સાંજ વર્તમાન તા. ૫-૬-૨૫ ના પેપરોમાં આ મેલાવડા અને માનપત્રની હકીકત સવિસ્તર આવેલી છે જે હરકોઈ જૈન બંધુ વાંચી શકશે.

**ત્યારબાદ સ્વર્ગવાસી મહાત્મા ગુરૂરાજ શ્રી વિજયાનંદ સૂરિ આત્મારામજી મહારાજની જયંતી ગુણગ્રામ કરવા વડે ઉજવાઈ હતી.**

૧ પ્રથમ આ સભાના સેક્રેટરી ભાઇ વલ્લભદાસ ત્રિભુવનદાસે પૂજ્યપાદ ગુરૂરાજ શ્રી આત્મારામજી મહારાજનું જીવન ચરિત્ર બુલંદ આવાજે ભકિતપૂર્વક કહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સંભળાવ્યું હતું. ત્યારબાદ તેના અનુમોદનમાં શ્રીયુત શિવજી દેવશીએ વિવેચન કર્યું હતું. પછી પ્રમુખશ્રીએ ગુરૂરાજશ્રી આત્મારામજી મહારાજની કૃપા અને પોતાના પરિચય સંબંધે કેટલુંક વિવેચન કર્યું હતું

એ રીતે જયંતીનું કાર્ય પૂર્ણ થયા બાદ આ સભાના **પ્રમુખશ્રી મગનલાલ ઓધવજી**ની દરખાસ્ત અને **સંઘવી વેલચંદ ધનજીભાઈ**ના ટેકાથી પ્રમુખશ્રી અને આવેલ ગૃહસ્થોનો ઉપકાર માનવામાં આવ્યો હતો. ત્યારબાદ ભાઈ વલ્લભદાસ મેળાવડાના પ્રમુખ કુંવરજીભાઇ વડિલ શ્રી. ગિરધરભાઇ આણંદજી તથા આ સભાના પ્રમુખ મગનલાલભાઇ તથા શેઠ ગુલાબચંદ આણંદજીને ફુલહાર અર્પણ કરવામાં આવતાં પધારેલ ગૃહસ્થોને ટીફીનપાર્ટી આપી હતી અને મેળાવડો ૧૧ાા વાગે બરખાસ્ત થયો હતો.

આ સભાની વર્ષગાંઠ પણ આજે હોવાથી ( ઓગણત્રીસ વર્ષ પૂરા થઇ ત્રીશમું વર્ષ બેસવાનું હોવાથી ) દર વર્ષ પ્રમાણે બપોરના બે વાગે સભાના મકાનમાં પ્રભુ પધરાવી શ્રી આત્મારામજી મહારાજ કૃત શ્રી નવપદજીની પૂજા ભણાવવામાં આવી હતી. સાંઝના પાંચ વાગે સ્વામીવાત્સલ્ય પ્રીતિભોજન વોરા હઠીસંગભાઈ ઝવેરચંદના તરફથી દરવર્ષ મુજબ આપવામાં આવ્યું હતું. સાંજના છ વાગ્યાની ટ્રેનમાં દર વર્ષ મુજબ શ્રી સિદ્ધાચળજી બીજા દિવસે જેઠ શુદ ૮ના રોજ જયંતી ઉજવવા સભાના સુમારે સાઠ સભાસદો ગયા હતા, જેમાં બીજે દિવસે દર વર્ષ મુજબ શ્રીસિદ્ધાચળજી ઉપર મોટી ટુંકમાં જ્યાં પૂજ્યપાદ ગુરૂરાજશ્રીની દેરી અને મૂર્તિ બિરાજમાન છે ત્યાં શ્રી પંચતીર્થની ( આચાર્ય વલ્લભવિજયજી મહારાજ કૃત ) પૂજા ભણાવી હતી શ્રી આદીશ્વર ભગવાન, પુંડરીકજી મહારાજ અને ગુરૂરાજને સોનાના પાનાની અને પગલા, શ્રી શાંતિનાથજી મહારાજ વિગેરેને રૂપાના પાનાની આંગી રચાવવામાં આવી હતી. લાઇટ પણ કરવામાં આવી હતી. સાંજના ચાર વાગે સ્વામીવાત્સલ્ય પ્રીતિભોજન હતું. આ સર્વ ખર્ચ આ સભાના માનવંતા સભાસદ સ્વર્ગવાસી બંધુ મોતીચંદભાઇ હેમરાજ ઝવેરી જામનગરવાળા તરફથી તેમના સુપુત્ર ભાઈ છોટાલાલભાઈએ દર વર્ષ મુજબ આપ્યો હતો. આ રીતે આ વર્ષે એક સાથે આ સભાનો વાર્ષિક મહોત્સવ, આ સભાના સેક્રેટરીને માનપત્ર અને ચાંદ પંજાબના સંઘવતી આપવાનો મેળાવડો અને અત્રે તથા શ્રી સિદ્ધાચલજી ગુરૂરાજની જયંતી એ ત્રણ વિવિધ માંગલિક પ્રસંગો ઉજવાયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# વર્તમાન સમાચાર.

## મુંબઇમાં શ્રી ગોઘારી વીશાશ્રીમાળી જૈન દવાખાનું.

આ દવાખાનું ગયા વૈશાક શુદ ૩ થી ફરી શરૂ કર્યું છે. આવા સસ્તા ચાર્જના દવાખાનાની મુંબઇ જેવા શહેરમાં આ જ્ઞાતિ માટે જરૂર હતી. અનેક મનુષ્યોને તે આશિર્વાદ સમાન છે. હાલમાં રૂ. ૧૫૦૦) જુદા જુદા બંધુઓ તરફથી લગભગ મદદ મળી છે. જૈન સેનેટરી એસોસીએશને પણ રૂ. ૨૦૦) માવજતના સાધનો પુરા પાડવામાં આપ્યા છે. ફરી પાછું આ કાર્ય અટકી ન પડે માટે તેના સેક્રેટરીઓ આ કાર્યવાહકોને સુચના છે કે તેના માટે એક સારા ફંડની જરૂર છે કે જેના વ્યાજમાંથી હવે પછી કાયમ આ દવાખાનું ચાલી શકે.

દરદીઓની શારીરિક તપાસ માટે પુરતી કાળજી રખાય છે કે કેમ તે માટે, તેમજ વપરાસની દવા માટે સેક્રેટરીઓએ અવાર નવાર ધ્યાન આપવાની સુચના કરવા સાથે અમો તેની આબાદિ ઇચ્છીએ છીએ.

## શ્રી દેશવિરતિ ધર્મારાધક સમાજનું બીજું અધિવેશન.

આ સમાજનું બીજું અધિવેશન પવિત્ર પાનસર તીર્થમાં જેઠ શુદ ૪–૫–૬ ત્રણ દિવસોમાં થયું હતું. સ્વાગત કમીટીના પ્રમુખ ઝવેરી કેશવલાલ મોહનલાલભાઇ અને અધિવેશનના પ્રમુખ શેઠ પોપટલાલ ધારશીભાઇ જામનગરવાળા હતા. આ ત્રણ દિવસમાં ઠરાવો પસાર થવા સાથે સ્નાત્રપૂજા, સામાયક, પોસહ, પૂજા ભણાવવી વગેરે દેવગુરૂભક્તિ અને શ્રાવક ધર્મ આરાધનના કાર્યો થયાં હતાં. સિવાય પં૦ શ્રી પ્રેમવિજયજી મહારાજ, મુનિરાજ શ્રી માનવિજયજી તથા મુનિરાજશ્રી રામવિજયજી મહારાજ ત્યાં પધાર્યા હોવાથી દેશવિરતિ સંબંધી વ્યાખ્યાનો પણ મુનિરાજશ્રી રામવિજયજી મહારાજે સંભળાવ્યાં હતાં. અધિવેશનમાં દશ ઠરાવો પસાર કરવામાં આવ્યા છે. તે માં પાંચ ઠરાવ આ સમાજના કાર્ય અને ઉદ્દેશને લગતા બાકીના પાંચ ઉપકાર માનવાને લગતા છે. પ્રથમ ઠરાવ જૈન સિદ્ધાંત અનુસાર દેશવિરતિ ધર્મજ્ઞાનનો ધર્મબંધુઓમાં ફેલાવો કરવો. આ ઠરાવ આ સમાજનો મુખ્ય ઉદ્દેશ હોવાથી તે કાયમ રાખેલ હતો. જે ઘણો અગત્યનો છે. અધિવેશનના બંને પ્રમુખનાં ભાષણો જેવાં કે દેશવિરતિધર્મ અને સમ્યકત્વનું વર્ણન આપવામાં આવેલ છે તે યોગ્ય છે.

બીજો ઠરાવ શાસન અને શાસ્ત્રોની ઉપર કોનફરન્સ શ્રદ્ધા ધરાવતી હોવાથી તેને વફાદાર રહેવાની પોતાની ફરજ સમજી તેની પ્રતિપાલના માટે સુચના કરનારો છે. ત્રીજો ઠરાવ આ સમાજના સભાસદ થનાર જિનવચનમાં શ્રદ્ધાવાન, આગમાનુસાર ક્રિયા રૂચીવાન અને સાત વ્યસન નહીં સેવનાર થઇ શકે તે સંબંધી છે. ચોથો ઠરાવ જે જે રાજાઓએ જીવહિંસા બંધ કરવાના ઠરાવો પોતાના રાજ્યમાં કરેલા છે તેને મુબારકબાદી આપવા સંબંધનો છે. પાંચમો ઠરાવ આપણી જૈન કોમમાં બ્રહ્મચર્યધારી, ચૌદ નિયમધારી, બારવ્રતધારી ભાઇ બ્હેનોનું લીસ્ટ તૈયાર કરવા સંબંધી છે. એ રીતે ઠરાવો થયેલ છે. આવા સંમેલનો ભરાયા પછી ફરી બીજું ભરાય ત્યાં સુધી તેના ઉદ્દેશો ઠરાવો અને નિયમોનું પાલન અને તે જલદી પાર પડે તેને માટે પ્રયત્નો અને ચળવળ જારી રાખવાની ખાસ જરૂર હોય છે. તે નમ્રતા સાથે સુચવીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## જૈન વિદ્યાર્થીને.

આર્ટની, કાયદાની, વહેપારી, એન્જીનીયરીંગ, સાયન્સ, મેડીકલ, વગેરે લાઇનના કોઇપણ જૈન વિદ્યાર્થીઓ, જેઓએ છેલ્લી ૧૯૨૪-૨૫ ની પ્રીવીયસ કે તેથી ઉંચી પરીક્ષા પાસ કરી હોય અને આગળ અભ્યાસ ચાલુ રાખવા ઇચ્છતા હોય તેમને શ્રી આગમોદય સમિતિ તરફથી નીચેના ગ્રંથો ભેટ આપવાના છે. મેળવવા ઇચ્છનારે નીચેના સરનામે તા. ૩૧-૭-૨૫ સુધીમાં કઇ પરીક્ષા પાસ કરી, આગળ કઇ લાઇન લીધી છે અને પોતે શ્વેતાંબર, દિગંબર, કે સ્થાનકવાસી છે તે વિગેરે વિગત સહીત અરજી કરવી.

( 1 ) Jain Philosophy.
( 2 ) Karma ,,
( 3 ) Yoga ,,

By Virchand Raghavji Gandhi.

સેક્રેટરી–આગમોદય સમિતિ,
૪૨૬ ઝવેરી બજાર—મુંબઇ નં. ૨

## અંધેરી–મુંબઇમાં આત્મવલ્લભ જૈન પાઠશાળાની સ્થાપના.

પંજાબ દેશમાંથી અનેક શહેરમાં વિહાર કરીને જૈન કોમ ઉપર અનેક ઉપકાર કરતાં કરતાં પંન્યાસજી શ્રીમદ્ **લલિતવિજયજી મહારાજ** મુંબઇના સંઘના પુણ્યોદયે ત્યાં ચાતુર્માસમાં બિરાજમાન હતા કે જેમાં બીજા ધાર્મિક કાર્યો સાથે શ્રી મહાવીર વિદ્યાલયની સહાય માટે અમોઘ ઉપદેશ કરેલ, જેથી એક સાથે સવા લાખ જેટલી મ્હોટી રકમ જૂદા જૂદા ગૃહસ્થો તરફથી થોડા વખતમાં થઇ હતી: ત્યાર પછી ચાતુર્માસ બાદ વિહાર કરી વલસાડ પધાર્યા જે વખતે મુંબઇના શ્રી સંઘના ડેપ્યુટેશનની વિનંતિથી ઉપકાર જાણી આ વર્ષ ચોમાસું કરવા મુંબઇ પધારવાનું નક્કી થયું ત્યાંથી વિહાર કર્યો. હાલમાં તેઓ શ્રી અંધેરી બિરાજમાન છે જ્યાં આ મહાત્માના ઉપદેશથી ઉપરોક્ત નામ અંકિત પાઠશાળાની સ્થાપના જેઠ શુદ ૫ના રોજ શેઠ સ્વરૂપચંદ કરમચંદ પાટણવાળાના હાથે થઇ છે. ભાઇંદરથી ભાયખલા સુધીના ગામોમાં મારવાડી કચ્છી વગેરે સુજ્ઞ અને ધનાઢ્ય જૈન બંધુઓની ખરેખરી આવશ્યકતા આથી પુરી પડી છે. હવે તેને નિભાવવાં દેખરેખ રાખવા વગેરેનું કાર્ય ત્યાંના જૈન બંધુઓનું છે. ઉક્ત મહારાજ એક પ્રખર વિદ્વાન, ઉપદેશક અને વ્યાખ્યાનકાર મુનિ રત્ન છે. જેથી તેઓશ્રીની વાણી અને ઉપદેશનો લાભ આ વર્ષે મુંબઇ જૈન પ્રજાને મળશે જે ખુશી થવા જેવું છે. આ મહાત્માના મુબારક હસ્તથી આ વર્ષે પણ અનેક ધાર્મિક કાર્યો થાય તેમ અમો પરમાત્માને પ્રાર્થના કરીયે છીયે.

## શ્રી યશોવિજયજી જૈન ગુરૂકુલ પાલીતાણા–સ્કોલરશીપ.

પાલીતાણામાં આવેલ આ સંસ્થા જોત જોતામાં આગલ વધતી જાય છે. ત્રણ વરસ થયા નાના પાયાપર વિદ્યાલય કરેલ છે. જેમાં ધાર્મિક શિક્ષણ પણ દાખલ કરેલ છે. વ્યવસ્થા અને વિદ્યાર્થીઓની કાર્યવાહી, નિત્ય નિયમ પ્રમાણે બરાબર ટાઇમસર થાય છે. હાલમાં વળી પાંચ વર્ષમાં મેટ્રીક વિદ્યાર્થી કેમ થાય ? તેનો એક અખતરો પોતાના વિદ્યાલયમાં કમીટીએ શરૂ કરેલ છે. આ સર્વ વ્યવસ્થા અને કાર્યવાહી જાતે તપાસી શેઠ સારાભાઇ મગનભાઇ આદીએ આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વિશાળ ભાવનાની પુષ્ટિ માટે રૂ. ૧૦૦૦૦) દશ હજારની એક સારી રકમ પ્રાથમિક કેળવણી ફંડ માટે લોન સીસ્ટમથી તે ગુરૂકુલ કમીટીને આપી છે. શરતો એવી છે કે ઉત્તરોત્તર તેની વૃદ્ધિ થયા કરે. આવા સંયોગમાં સમયને અનુસરીને શેઠ સારાભાઇએ આ ગુરૂકુલને જે રકમ બક્ષીસ કરેલ છે તેથી તેઓ ધન્યવાદને પાત્ર છે. જૈન બાળકોના આવા શિક્ષણ પ્રસારના કાર્યને સંભારી તે તરફ સદ્ભાવ સાચવવાનો આ દાખલો ખરેખર અનુકરણીય થાય છે. આ ગુરૂકુલને દરેક જૈન બંધુઓએ શેઠ સારાભાઇની જેમ અવશ્ય મદદ આપવા જરૂર છે એમ અમો ભલામણ કરીયે છીયે.

## મુંબઇ–અંધેરીમાં શ્રીમદ્ આત્મારામજી મહારાજની જયંતી.

ગયા રવિવારે સવારના ૮-૩૦ કલાકે અંધેરીમાં શેઠ સેવંતીલાલ નગીનદાસના બંગલામાં શ્રીમદ્ આત્મારામજી મહારાજની જયંતી ઉજવવામાં આવી હતી; જે પ્રસંગે પં. શ્રીલલિતવિજયજી, પં. શ્રીઉમંગવિજયજી મુનિ મહારાજશ્રી અમરવિજયજી, મુનિ મહારાજશ્રી ચિત્તવિજયજી મુનિ વિગેરેએ હાજરી આપી હતી, આ ઉપરાંત સભામાં લોકોએ સારી સંખ્યામાં હાજરી આપી હતી જેમાં સ્ત્રીઓ પણ મોટા પ્રમાણમાં હતી.

સભાનું કામકાજ શરૂ કરતાં પહેલાં પુજ્ય આચાર્ય મહારાજની સ્તુતિ કરનારૂં સ્મરણાંજલીનું ગીત ગાવામાં આવ્યું હતું, જે બાદ મંગળાચરણ થયું હતું. મુની શ્રી ચિત્તવિજયજી તથા મુનીશ્રી પ્રભાવિજયજી તથા પં. શ્રી ઉમંગવિજયજીએ આચાર્ય મહારાજશ્રીનાં ગુણગાન કરતાં તેઓશ્રીના જીવનને લગતા કેટલાક પ્રસંગો વર્ણવ્યા હતા, જે બાદ શ્રી કૃષ્ણલાલ વર્માએ મહારાજશ્રીએ જૈનધર્મ અને સમાજની બજાવેલી સેવા વિષે ટુંકું વિવરણ કર્યું હતું.

પ્રમુખસ્થાનેથી પં. શ્રી લલિતવિજયજીએ લંબાણ વ્યાખ્યાન આપતાં જણાવ્યું હતું કે, મહારાજશ્રીનો જન્મ સંવત ૧૮૯૩ માં પંજાબમાં આવેલા લહેરા ગામમાં થયો હતો. તેમના પિતાનું નામ ગણેશચંદ્ર અને માતાનું નામ રૂપાદેવી હતું. તેઓ કપુર ક્ષત્રિય હતા. ગણેશચંદ્રજીના પુત્રે સં. ૧૯૧૦ માં સ્થાનકવાસી સાધુ પાસે દીક્ષા લીધી હતી અને અલ્પ સમયમાં જ (બત્રીસ) સૂત્રોનો અભ્યાસ કર્યો હતો. તેમની સ્મરણશકિત એટલી તેજ હતી અને અસાધારણ હતી કે દશ વૈકાલિક સૂત્રના ૭૦૦ શ્લોકો તેમણે માત્ર અઢી દિવસમાં જ મોઢે કર્યાં હતા.

તેઓશ્રીની વ્યાખ્યાન આપવાની શૈલી એટલી સચોટ અને સુંદર હતી કે તેમની વાણીનો લાભ લેવા જૈનો તેમજ જૈનેતરો ભારે ઉત્સાહ અને રસથી આવતા. એક પ્રસંગે અમૃતસરમાં સત્તાવીશ શહેરોના માણસો ભેગા થએલા હતા. આ પ્રસંગે આત્મારામજી મહારાજને વ્યાખ્યાન વાંચવાનું હતું. આવી જંગી મેદની સમક્ષ તેઓશ્રીએ આપેલું ભાષણ અદ્વિતીય અને અપૂર્વ હતું

મહારાજશ્રીને સં. ૧૯૧૭ સુધી ઢુંઢીઆપણાની શ્રદ્ધા હતી. પછી તેઓશ્રીને એમ લાગ્યું કે હું જે ધર્મ પાળી રહ્યો છું તે બરાબર યથાર્થ નથી. જેટલો સમય તેઓ ઢુંઢીઆપણામાં રહ્યા તેટલા સમયમાં બધા શાસ્ત્રો અને પુસ્તકોનું અધ્યયન કર્યું હતું. અને જ્યારે તેમની ખાત્રી થઇ કે એ ધર્મ યથાર્થ નથી ત્યારે જ તેમણે ૧૮ સાધુઓ સાથે પંજાબમાં સત્યધર્મનો ઉપદેશ કરવા માંડયો.

સંવત ૧૯૩૨ માં તેઓ અમદાવાદમાં પધાર્યા હતા. મહારાજ સાહેબની માંગણીથી શેઠ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રેમાભાઇ હેમાભાઇએ પંજાબમાં નવા બંધાવવામાં આવેલા જૈન મંદિરો માટે પ્રતિમાઓની પધરામણી પોતાના ખર્ચે કરાવી આપી હતી. જે પંજાબમાં જૈન મંદિરો તથા જ્ઞાનભંડારો ન હતા તે પંજાબમાં અત્યારે અનેક જૈન મંદિરો તથા જ્ઞાન ભંડારો હયાત છે, એટલુંજ નહિ પણ લાલા ગુજરમલજીની મદદથી તૈયાર કરવામાં આવેલું એક સુવર્ણ મંદિર છે. આખા પંજાબમાં માત્ર બેજ સુવર્ણ મંદિરો છે જેમાં એક શીખોનું અને બીજું આપણું જૈનોનું.

મહારાજશ્રીને વિક્રમ સં. ૧૯૪૪ માં હીંદના પ્રસિદ્ધ પ્રસિદ્ધ શહેરોના આગેવાનોએ મળીને પાલીતાણામાં ( સિદ્ધક્ષેત્ર ) આચાર્ય પદવી આપી હતી.

મહારાજશ્રીએ જૈન તત્ત્વાદર્શ, અજ્ઞાનતિમિર ભાસ્કર, જૈન મત વૃક્ષ, તત્વનિર્ણયપ્રાસાદ, નવતત્વોનું સ્વરૂપ વિગેરે અનેક ગ્રંથો રચ્યા છે.

ચીકાગોમાં બધા ધર્મોની પરિષદ ભરાઇ હતી, તેમાં મહારાજશ્રીને આમંત્રણ કરવામાં આવ્યું હતું અને કેટલાએક પ્રશ્નો પુછાવ્યા હતા; પરંતુ ત્યાં જવામાં મહારાજશ્રીને સાધુ ધર્મને બાદ આવતો હોવાથી આ સ્વાલોના જવાબો તૈયાર કરી મી. વીરચંદ રાઘવજીને તે જવાબો સાથે ત્યાં મોકલ્યા હતા.

અંગ્રેજ તત્વજ્ઞાનીઓની તેઓશ્રીના પ્રત્યે ભકિત ભારે હતી.

કલકત્તાની રોયલ એસિઆટીક સોસાયટીએ ડૉ૦ હારનલ સાહેબને પ્રાચીન પુસ્તકોના ઇંગ્રેજી અનુવાદ કરવાનું સોંપેલ હતું " જૈન સૂત્ર " ઉપાસક દશાંગ સૂત્રનો અનુવાદ કરતા હતા તે વખતે જે કાંઇ શંકાઓ થતી તે મહારાજશ્રીને તેઓ લખી મોકલતા અને તેનું મહારાજશ્રી સમાધાન કરતા હતા.

હવે મહારાજની વૃદ્ધાવસ્થા હતી. અંબાલાના લોકોએ તેમને વિહાર નહિ કરવાનો આગ્રહ કર્યો હતો, પણ મહારાજશ્રીએ ગુજરાંવાલા જવાનો પોતાનો ઇરાદો જાહેર કર્યો. મહારાજશ્રી વિહાર કરતાં કરતાં સનખતરા આવી પહોચ્યા હતા. ઉન્હાળામાં પ્રચંડ તડકો હતો પણ મત્તાગ્રહના કારણે ત્યાંથી મહારાજશ્રીને પાણી સરખું પણ ન મલ્યું અને તેથી મહારાજશ્રી ખરા મધ્યાહ્નમાં ત્યાંથી ચાલી નીકળ્યા. તેઓએ ગુજરાંવાલામાં પ્રવેશ કર્યો. જેઠ શુદ ૭ ના દિવસે તેઓ કાળધર્મને પામ્યા.

બાદ મહાવીર વિદ્યાલયને મળેલી મદદ જાહેર થઇ હતી જે નીચે પ્રમાણે હતી.

૫૦૦૧) શેઠ નગીનદાસ સ્વરૂપચંદ. ૧૫૦૧) શેઠ લહેરચંદ ઉત્તમચંદ.
૧૫૦૧) શેઠ મોહનલાલ મોતીચંદ. ૧૦૦૧) શેઠ ભોગીલાલ ચુનીલાલ.
૫૦૧) શેઠ વાડીલાલ નાગરદાસ. ૧૫૧) શેઠ જમનાદાસ મોરારજી દશ વર્ષ માટે.

બ્રહ્મચર્ય ( ચારિત્ર ) પૂજા બપોરના ભણાવવામાં આવી હતી. સવાર તથા સાંજે સ્વામિવાત્સલ્ય શેઠ સેવંતીલાલ નગીનદાસ તરફથી રાખવામાં આવ્યું હતું. તેમાં લગભગ બે હજારથી પચીસો માણસોએ લાભ લીધો હતો. ( મળેલું )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# ગ્રંથાવલોકન.

## " તરંગવતી " શ્રી નેમિચંદ્ર ગણિકૃત કથા સંક્ષેપ.

આ સતી ચરિત્રની આ બીજી આવૃત્તિ પ્રકટ થયેલ છે. તે ઉપરથી તેની ઉપયોગીતા જણાય તેમ છે. આ કથા અદ્‌ભુત હોવાથીજ અને તેનો બ્હોળો પ્રચાર થવાના હેતુથીજ મુનિરાજશ્રી કપૂરવિજયજી મહારાજે તેનું વિશેષ સંશોધન કરી તૈયાર કરેલ જે શેઠ નરોતમદાસ ભાણજીની આર્થિક સહાયથી છપાવી વિના મૂલ્યે આપવામાં આવેલ છે. આવા ચરિત્રો જૈનોમાં ઘેર ઘેર હોવા જોઇએ એમ અમો માનીએ છીએ.

## શ્રી જૈન તત્ત્વ પ્રવેશ જ્ઞાનમાળા.

માંગરોળ નિવાસી શેઠ અમરચંદ તલકચંદે પુશ્કળ દ્રવ્ય ખરચી જૈન ધર્મની સિરીઝો વિધવિધ તૈયાર કરાવેલ હતી. તેમના સ્વર્ગવાસ પછી અત્યાર સુધીમાં ખોરંબે પડેલ તે લખાણ હાલમાં મુનિરાજ શ્રી કપૂરવિજયજી મહારાજના હસ્તગત થતાં તેમાંથી તેઓને જે ઉપયોગી લાગે તે તે ભાગ પ્રકટ કરાવવા સુપ્રયત્ન કરેલ છે. તે પૈકીના અમુક ભાગમાંથી આ બુકમાં આવેલ સામાયક, ચૈત્યવંદનના મૂળ સૂત્રોની અર્થ સમજુતી અનેક ચૈત્યવંદન સ્તુતિઓ વગેરેનો સમાવેશ છે. આમાં ૧૦૮ પાઠો આપેલા છે જેમાં જુદી જુદી હકીકતોનો સમાવેશ કરવામાં આવ્યો છે. ક્રિયાની પણ કેટલીક સમજ આપેલી છે. એકંદર રીતે સંગ્રહ સારો છે. સંશોધન મુનિરાજ શ્રી કપૂરવિજયજીએ કરેલ છે. શેઠ હેમચંદ અમરચંદ તલકચંદની સહાયથી છપાયેલ છે જે વિના મૂલ્યે આપવામાં આવે છે.

## શ્રી નવપદ માહાત્મ્ય અને વીશસ્થાનક વર્ધમાન તપગુણ વર્ણન.

યોજક મુનિરાજ શ્રી કપૂરવિજયજી મહારાજ પ્રભાસપાટણવાળા શાહ લીલાધર નેમચંદની આર્થિક સહાય, પ્રકાશક શ્રી જૈન યુવક મંડળ સાણંદ. મૂલ્ય–વાંચન–મનન–પરિશીલન. આ ગ્રંથમાં નવપદજીનું માહાત્મ્ય, નવપદજીના ગુણોનું વર્ણન મૂળ શ્લોક અને તેના ગુજરાતી ભાષાંતર સાથે આપવામાં આવેલ છે. બીજા વિભાગમાં વીશસ્થાનક પદનું ટુંકું વિવેચન અને આરાધન કરનાર માટે ખમાસમણુ દેઇ ઉપયોગ સહિત બોલવાના દુહા અને છેવટના ભાગમાં વર્ધમાન તપની ઓળી સંબંધી સામાન્ય સમજ, તીથીઓ સંબંધી તપની સમજ, સ્તુતિ, સ્તવનાદિથી ( નવપદજીના ) અતી ઉપયોગી ગ્રંથ બનાવ્યો છે, આ ગ્રંથની પણ જાણવા પ્રમાણે આ બીજી આવૃતિ છે.

## લાહોર શહેરમાં થયેલ પ્રતિષ્ઠા તથા આચાર્ય પદવીના મહોત્સવનો રિપોર્ટ.

( સાથે આ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને માનપત્ર તથા સુવર્ણ પદકનું એનાયત થવું. )

ગયા માગશર શુદ ૫ ના રોજ લાહોર શહેરમાં એક સાથે ઉપરોક્ત બે માંગલ્ય પ્રસંગો પ્રાપ્ત થયા હતા. પંજાબ સંઘમાં એક સાથે આવા બે પ્રસંગો પ્રાપ્ત થયાનો પ્રથમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાખલો હતો. જેથી અને તે વખતે પંજાબના દરેક શહેરમાંથી ત્યાં આ મહોત્સવ પ્રસંગે એકઠા થયેલ ચતુર્વિધ સંઘમાં એટલો બધો અપૂર્વ ઉત્સાહ હતો કે પંજાબના જૈન સંઘના ઇતિહાસમાં તે સુવર્ણ અક્ષરે કોતરાઇ રહેશે. ઘણી વખત એમ બને છે કે મનુષ્યે ધારેલું હોય તેના કરતાં અનેગકણું વધારે આનંદજનક પુણ્યયોગે થાય છે. આ સુપ્રસંગ પ્રથમ તો માત્ર પ્રતિષ્ઠાનો હતો. છતાં પંજાબ સંઘના પુણ્યોદયથી સાથે મુનિરાજ **શ્રી વલ્લભવિજયજી મહારાજને** આચાર્ય પદવી આપવાનો કુદરતી સંયોગ ( જો કે પંજાબના સંઘની ઇચ્છા ઘણા વખતની હતી ) સુપ્રસંગ પ્રાપ્ત થતાં અનેકગણો આનંદ થઇ રહ્યો હતો. આ રીપોર્ટ વાંચતાં તે વખતની કાર્યવાહી જૈન સંઘમાંનો આનંદ, અને તેટલુંજ નહીં પરંતુ મુનિરાજ શ્રી વલ્લભવિજયજી મહારાજને આ પ્રતિષ્ઠાના માંગલિક પ્રસંગે આચાર્ય પદવી આપવા માટે પહેલાં અનેક મુનિરાજો અને જુદા જુદા જૈન આગેવાનોના આગ્રહ પૂર્વક સહાનુભુતિના પત્રો અને તારો, અને આચાર્ય પદવી અપાયા પછી પંજાબના શ્રી સંઘને અનેક જુદા જુદા ગામોના સંઘો વગેરેના તેવાજ મુબારક-બાદીના તારો અને પત્રો જે તમામ આ રીપોર્ટમાં છપાયેલ છે તે ઉપરથી જોઇ શકાય છે કે હિંદુસ્તાનના જૈન કોમમાં મુનિરાજશ્રી વલ્લભવિજયજી આચાર્ય પદવીને લાયક છે, તેમ તે વાંચતાં જણાય છે. કારણ કે આ જમાનાને અનુસરતાં તેમના ઉપદેશો, વ્યાખ્યાનો જૈન કોમના ઉપકાર માટે કાર્યવાહી છે. પંજાબના દરેક ગામના સંઘ જેમ તે વખતે એકત્ર થયેલ તેમ શેઠ મોતીલાલ મુળજી, શેઠ ગોવીંદજી ખુશાલદાસ, શેઠ નરોતમદાસ હેમચંદ અમરચંદ મુંબઇ, અમદાવાદના તથા ભાવનગરના ગૃહસ્થ બીકાનેરના શેઠ સુમેરમલજી વગેરે પણ આ કાર્યમાં ભાગ લેવામાં હાજર હતા. આ રીપોર્ટમાં વડિલ તરીકેનો સમયોચિત એક પત્ર પ્રવર્તકજી કાન્તિવિજયજી મહારાજનો જામનગરથી લખાયેલો છે જે મનનીય વાંચવા લાયક છે તે હિંદી હોવાથી હવે પછી તેનું ગુજરાતી ભાષાંતર કરી આપીશું. એકંદર રીતે લાહોરમાં થયેલ શ્રી સોળમા તીર્થંકર શ્રીશાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા અને આચાર્ય પદવીના મહોત્સવનો આ રીપોર્ટ વાંચતાં તેના માટે પંજાબના સંઘનો ઉત્સાહ, ધાર્મિક ભાવના, અને તે માંગલિક પ્રસંગનું યથાયોગ્ય વર્ણન આપેલ છે તેમ જણાય છે.

આ પ્રસંગે આ સભાના સેક્રેટરી ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસને ગુરૂભક્તિ નિમિત્તે પંજાબના સંઘ તરફથી માનપત્ર તથા સુવર્ણપદક પણ એનાયત થયાં હતાં.

---

**જૈનો અને માધ્યમિક શિક્ષણ**—આ નામની એક બુક ભાઇ નરોતમદાસ બી. શાહે પ્રકટ કરેલ છે તે અમને મળેલ છે. જૈનકોમ કેળવણીમાં કેમ આગલ વધે તેને માટે ઘણા વર્ષોથી સ્તુત્ય પ્રયાસ આંકડાઓ સહિત લેખો દ્વારા ભાઇ નરોતમદાસ જૈન કોમને બતાવી રહ્યા છે. જે ઉપરથી જૈન કોમ કેળવણીમાં કેટલી પછાત છે તે જણાય છે આવી રીતે અનેક વખત તેઓ જણાવે છે; છતાં તેને માટે જૈન કોમ જોઇએ તેવો ઉહાપોહ, પ્રયત્ન ખાસ કરતી જ નથી, છતાં ભાઇ નરોતમદાસનો પ્રયત્ન તો શરૂ છે. આ બુકમાં જૈનોની માધ્યમિક કેળવણી સંબંધી સ્થિતિ અને નેતાઓની ફરજ એ સંબંધી કરેલો ઉલ્લેખ મનનીય છે. જીજ્ઞાસુ બંધુઓને પોષ્ટેજ મોકલવાથી મફત મોકલવામાં આવે છે.

**લેખક. નરોતમદાસ બી. શાહ. ૧૫૫ મેમણવાડા રોડ મુંબઇ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## વડોદરામાં જયન્તિ મહોત્સવ.

જેઠ સુદી ૮ના દિવસે જાનીશેરીની ધર્મશાળામાં **શ્રીમદ્ હંસવિજયજી મહારાજ** સાહેબના અધ્યક્ષપણા નીચે એક ભવ્ય ગંજાવર મેળાવડો થયો હતો. પ્રથમ શ્રી આદિ જીનમંડળે મંગલાચરણ પૂર્વક દેવગુરૂનું સંકીર્તન કર્યા બાદ શ્રી વિજયાનંદ સૂરીશ્વરની મુર્તિનું-વાસક્ષેપથી પૂજન થયું હતું. ત્યારબાદ મહારાજશ્રીએ કાવ્યોદ્વારા સ્તુતિપૂર્વક સૂરીશ્વરજીનું જીવન વૃતાંત સંભળાવતાં ઈંગ્રેજ સરકાર તરફથી સાયનાચાર્ય કૃત ટીકા સહિત રૂગવેદનું પુસ્તક ગુરૂમહારાજને ભેટ મળ્યું હતું, તેના સાત ભાગોનું વિવેચન કરી હર્ષ પ્રદર્શીત કર્યો હતો. ત્યારબાદ હરીફાઇની ઇનામી પરિક્ષા નિમિત્તે વિદ્યાર્થીઓએ મહારાજશ્રીના જીવનચરિત્ર સંબંધી નિબંધો વાંચ્યા હતા તથા ભાષણદ્વારા સંભળાવી ઇનામને મેળવ્યાં હતા. બાદ સરકારી લાઇબ્રેરીયન લાલચંદભાઇ અને મણીલાલ માસ્તર વિગેરેના વિવેચન થયાં હતાં. આ પ્રસંગે વિહાર કરી પધારેલા શ્રી સિદ્ધિસૂરિજીના શિષ્ય પં. રંગવિજયજીએ પણ મહારાજશ્રીનુ ગુણ કીર્તન કર્યું હતું. છેવટે પન્યાસજી **શ્રી સંપતવિજયજી** મહારાજે ધનાશ્રી રાગમાં અંત્ય મંગળ ગાયા-બાદ પ્રભાવના લઇ સભા વિસર્જન થઇ હતી. ત્યારબાદ બપોરે જ્યાં શ્રી આત્મારામજી મહારાજ સાહેબની મૂર્તિ અને ગુરૂવર્ય શ્રી લક્ષ્મિવિજયજી મહારાજનાં પગલાં છે ત્યાં એટલે શ્રી આદિશ્વર ભગવાનના દેરે અંગરચના પુર્વક પૂજા ભણાવી હતી અને રાત્રે ભાવના બેઠી હતી.

---

**શ્રી વર્ધમાન તપ**—અત્રે શ્રી ભાવનગરમાં પં. શ્રી ભક્તિવિજયજી મહારાજના ઉપદેશથી ચાલુ થયેલ આયંબીલ વર્ધમાન તપનું કાર્ય શરૂ થયું છે તેના ફંડમાં રૂા. ૨૭૦૦૦) ભરાયા છે. હજી વધવા સંભવ છે. વૈશાક શુદ ૩ ના રોજથી તેની શરૂઆત થઇ છે. આયંબીલ તપ તે ઉત્તમ તપ છે. હાલ તો આયંબીલનો લાભ અત્રે લેવાય છે, પરંતુ તેનો મહિમા સમજી ક્રિયા વિધિપૂર્વક આ તપ કરનાર નિર્જરા કરી શકે છે. આ ખાતું કાયમ નિભાવવા વધારે ફંડની જરૂર છે, જાણુવા પ્રમાણે હાલ એક કમીટી નીમી છે તે દેખરેખ રાખે છે. અમો તેની વૃદ્ધિ-આબાદી ઇચ્છીયે છીયે.

---

## ધર્મબંધુ ભાઇ કેશવલાલ લાલચંદનો સ્વર્ગવાસ.

લીંબડી નિવાસી ભાઇ કેશવલાલ માત્ર બે દીવસની બીમારી ભોગવી ૫૦ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે; તેઓ ભાઇ લીંબડીમાં પ્રતિષ્ઠિત શહેરી અને ધર્મના સ્થંભરૂપ હતા. દેવગુરૂ ધર્મ પ્રત્યે અથાગ પ્રેમ ધરાવનારા, બ્રહ્મચર્ય વ્રતધારી અને સરલ હૃદયના હતા, રાજા પ્રજા વચ્ચે પુલ સમાન હતા. ત્યાંના નામદાર દરબારશ્રીના કૃપાપાત્ર હોઈ કેટલીક વખત સલાહકાર થઈ પડતા હતા. લીંબડી જૈન બોર્ડીંગના નિયામક હતા. લીંબડી રાજ્યની પ્રજામાં અને જૈનકોમમાં તેવા નરરત્નની ખોટ પડી છે. અમો તે માટે સંપૂર્ણ દીલગીર છીયે, તેમના કુટુંબને દિલાસો આપવા સાથે તેમના પવિત્ર આત્માને અખંડ શાંતિ પ્રાપ્ત થાઓ તેમ ઇચ્છીયે છીયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## નવા દાખલ થયેલા માનવંતા સભાસદો.

૧ ઝવેરી મૂળચંદ આશારામ વૈરાટી અમદાવાદ પે. લાઇફ મેમ્બર.
૨ શાહ ચંદુલાલ ત્રિભુવનદાસ મંગળજી મુંબઇ ,,
૩ શાહ હીરાલાલ ગીરધરલાલ રે૦ ભાવનગર બી. લાઇફ મેમ્બર.
૪ શેઠ નેમચંદભાઇ ભલજીભાઇ રે૦ અમદાવાદ ,,
૫ શા મણીલાલ ચુનીલાલ રે૦ વીજાપુર ,,
૬ મણીયાર કુંવરજી ભીખાભાઇ ભાવનગર ( વાર્ષિકમાંથી ) ,,

## વાંચનના પ્રેમી બંધુએ માટે ખાસ નવા વાંચવા યોગ્ય ઉત્તમ ગ્રંથો.

| | |
|---|---|
| ૧ પંચપરમેષ્ઠી ગુણમાળા. | ૧–૮–૦ |
| ૨ સુમુખનૃપાદિ કથા. | ૧–૦–૦ |
| ૩ શ્રીનેમનાથ ચરિત્ર. | ૨–૦–૦ |
| ૪ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો | ૨–૦–૦ |
| ૫ શ્રીસુપાર્શ્વનાથ ચરિત્ર બીજો ભાગ. | ૨–૮–૦ |
| ૬ આત્મ પ્રબોધ. | ૨–૮–૦ |
| ૭ શ્રાદ્ધગુણ વિવરણ શ્રાવકોપયોગી. | ૧–૮–૦ |
| ૮ શ્રી પંચપ્રતિક્રમણ વિધિ સહિત વાંચી જવાથી ઘેર બેઠા થઇ શકે છે. | ૨–૦–૦ |
| ૯ શ્રીજંબુસ્વામી ચરિત્ર આદર્શ | ૦–૮–૦ |
| ૧૦ શ્રી ચંપકમાલા સતી આદર્શ ચરિત્ર | ૦–૮–૦ |
| ૧૧ સંબોધસિત્તરી–જૈનતત્ત્વજ્ઞાનનો અપૂર્વ ગ્રંથ. | ૧–૦–૦ |
| ૧૨ શ્રી ઉપદેશ સપ્તતિકા ઐતિહાસિક કથા ગ્રંથ. | ૧–૦–૦ |
| ૧૩ શ્રી વિવિધ પૂજા સંગ્રહ ભા. ૧થી૪ | ૨–૦–૦ |
| ૧૪ આદર્શ જૈન સ્ત્રીરત્નો. | ૧–૦–૦ |
| ૧૫ શ્રી આત્મવલ્લભ પૂજા સંગ્રહ | ૧–૮–૦ |
| ૧૬ શ્રી દાન પ્રદીપ–દાનનું અદ્ભુત કથાઓ સહિત વર્ણન. | ૩–૦–૦ |
| ૧૭ શ્રી નવપદજી પૂજા ગુજરાતી અર્થ સહિત | ૧–૪–૦ |

## અમારી સભાનું જ્ઞાનોદ્ધાર ખાતું.

૧ જૈન ઐતિહાસિક ગુર્જર રાસ સંગ્રહ
૨ ષટ્સ્થાનક સટીક.
૩ વિજ્ઞપ્તિ સંગ્રહ.
૪ સંસ્તારક પ્રકીર્ણક સટીક.
૫ વિજયદેવસૂરિ મહાત્મ્ય.
૬ જૈન ગ્રંથ પ્રશસ્તિ સંગ્રહ.
૭ લિંગાનુશાસનસ્વોપજ્ઞ ( ટીકા સાથે)
૮ ગુરૂતત્ત્વ વિનિશ્ચય.
૯ શ્રી વિમલનાથ ચરિત્ર ભાષાંતર.
૧૦ ધર્મરત્ન પ્રકરણ ભાષાંતર.
૧૧ શ્રી વાસુપૂજ્ય ચરિત્ર
૧૨ ચૈત્યવંદન મહાભાષ્ય ભાષાંતર.
૧૩ નવતત્ત્વ ભાષ્ય ( ભાષાંતર )
૧૪ પ્રભાવક ચરિત્ર ભાષાંતર.
૧૫ શ્રી કુમારપાળ પ્રતિબોધ અનેક ઉપદેશક કથાઓ સહિત. શેઠ નાગરદાસભાઇ પુરૂષોત્તમદાસ તરફથી.
૧૬ આચારોપદેશ. શેઠ હકમચંદ વલ્લમજી મોરબી નિવાસી તરફથી.
૧૭ શ્રી અજીતકાવ્ય કિરણાવળી

નંબર ૯–૧૦–૧૧–૧૨–૧૩–૧૪ ગ્રંથમાં મદદની અપેક્ષા છે.

For Private And Personal Use Only